સુવિચાર
''બધું જ કરી શકતો માણસ, ખાલી જતું નથી કરી શકતો.''
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૦/૧૨/૨૦૨૫, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ માગશર વદ-૬ વર્ષ : ૧૬ અંક : ૩૦૩

## નૂતન હાઈસ્કૂલનાં કોર્નરથી સરદાર સર્કલ પહોંચવામાં ભારે પરેશાની

# અમરેલીમાં નવા બનતા ચિતલ રોડ ઉપર ધુળનો વરસાદ

**એક તરફ ખુલ્લી ગટરો, ગટરોની આડશે પથ્થર, માર્ગની સાઈડમાં ધુળની ચાદર પથરાયેલી છે**

**કોઈ મોટુ વાહન પસાર થાય અને પાછળ કોઈ ટુ-વ્હીલર ધારક પસાર થાય એટલે ધુળનાં વરસાદથી હાલત બગડે**

**શહેરીજનોને ઉડતી ધુળનાં કારણે અવનવા રોગોનો શિકાર બનવુ પડે તેવી ગંભીર સ્થિતિ**

**આજનાં આધુનિક યુગમાં પણ જાહેર માર્ગ ઉપરથી ધુળની સમસ્યા દૂર થતી નથી**






અમરેલી, તા. ૯

અમરેલીમાં જનતા જનાર્દનનાં પરસેવાનાં કરોડો રૂપિયાનાં ખર્ચે બનતાં વરસડા રોડ, ચિતલ રોડમાં માર્ગ બનાવવાનાં મોટાભાગનાં નિયમોનો ઉલાળીયો થઈ રહ્યો છે. સુરક્ષા, સ્વચ્છતાનાં નિયમોનું પણ ઉલ્લંઘન થઈ રહ્યું છે.

મહત્વનાં માર્ગો ઉપર અવારનવાર ટ્રાફિક સમસ્યા ઉભી થતી હોય માર્ગ બનાવનાર એજન્સી કોઈ સુરક્ષાકર્મીને જવાબદારી સોંપતી નથી, માર્ગને કોર્નર કરીને બનાવવાને બદલે એકબાજુ જેસીબી, લોડર જેવા વાહનોનો ધમધમાટ, ધુળની ડમરીઓ, આડેધડ વાહન પાર્કિંગ હોય અને બાજુમાં વાહન વ્યવહાર શરૂ જોવા મળી રહ્યો છે.

ચિતલ રોડ ઉપર ગણેશ

અનુસંધાન પાના ૬ ઉપર


## મહુવા-જામનગર રૂટની એસ.ટી. બસે સર્જ્યો અકસ્માત

# સાવરકુંડલાનાં વીજપડી ગામ નજીક એસ.ટી. બસ હડફેટે આવી જવાથી બાઈક સવારનું મોત

**મૃતકનું નામ રાઘવભાઈ વેકરીયા હોવાનું બહાર આવ્યું**

અમરેલી, તા. ૯

સાવરકુંડલાનાં વીજપડી નજીકથી પસાર થઈ રહેલ મહુવા-જામનગર રૂટની એસ.ટી. બસનાં ચાલકે બાઈક સવાર વૃધ્ધ રાઘવભાઈ વેકરીયા (ઉ.વ. ૬૫) રે. જાંબુડાને અડફેટે લેતા બાઈક સવારને ગંભીર ઈજા થતાં ૧૦૮ મારફત દવાખાને ખસેડવામાં આવેલ. જયાં તેઓનું મોત થયાનું જાણવા મળેલ છે.



## ક્યારેક ક્યારેક જંગલનાં રાજાને પણ નાસવું પડે તે હકીકત છે

# હાય રે કળિયુગ : જાફરાબાદના ગ્રામ્ય વિસ્તારમાં વાછરડાએ દોટ લગાવતાં સિંહ ઉભી પુંછડીએ ભાગ્યો

**૨ સિંહના આગમન બાદ એક વાછરડાએ ૧ સિંહને ભગાડયો**




અમરેલી, તા. ૯

વર્તમાન સમયમાં અનેક એવી ઘટનાઓ બની રહી છે જે આપણને વિચારવા મજબુર કરે છે કે હવે શાસ્ત્રોમાં જે કાળ કળયુગનું વર્ણન થયું છે તેવા બનાવો સામે આવી રહયા છે. અને વધુ એક બનાવ પ્રકાશમાં આવેલ છે.

જેમાં જાફરાબાદનાં સરોવડા ગામે મોડી રાત્રિએ ચુપચાપ પગલે ૨ ખુંખાર સિંહોનું ગામમાં આગમન થયું અને બંને સિંહોની નજર ૨ વાછરડા ઉપર પડી. જેમાં એક સિંહે દોટ લગાવતા ૧ વાછરડો નાસી છુટયો અને બીજા સિંહે બીજા વાછરડાનો શિકાર કરવાનો પ્રયાસ કર્યો, તો વાછરડાએ સામી દોટ મુકતા સિંહને ભાગી જવા મજબુર બનવું પડયું હતું. આ સમગ્ર ઘટનાક્રમ ગામમાં લાગેલ સી.સી.ટી.વી. કેમેરામાં કેદ થયા બાદ સોશ્યલ મીડિયામાં વાયરલ થયું છે.

## હાંસલપુર ગામનાં ૨ ઈસમો સાથે મળીને

# રાજુલાનાં વડનગરનાં વેપારીએ સાયબર ફ્રોડનાં ૬૧.૯૩ લાખ સગેવગે કર્યા

**માત્ર ૭ દિવસમાં લાખો રૂપિયા વીડ્રોલ કરી લીધા**

અમરેલી, તા. ૯

વીરગામ પંથકના હાંસલપુર ગામે રહેતા વિનોદભાઈ ભરતભાઈ પ્રજાપતિ, રવીભાઈ મુંબઈવાળા તથા રાજુલા તાલુકાનાં વડનગર ગામે રહેતા દિલીપભાઈ માલાભાઈ મહીડા નામના

અનુસંધાન પાના ૬ ઉપર












### ‘‘ભણે ગુજરાત’’નાં નારા વચ્ચે કડવી વાસ્તવિકતા

# આમા ભણવું કેમ ? સાવરકુંડલાની હાઈસ્કુલમાં તત્વજ્ઞાન વિષયનાં શિક્ષકની જગ્યા ખાલી

### એનએસયુઆઈ દ્વારા આચાર્યને રજુઆત કરાઈ



અમરેલી, તા. ૯

સાવરકુંડલા તાલુકાની જે. વી. મોદી હાઈસ્કૂલ ખાતે ધોરણ ૧૧ અને ૧૨ (બોર્ડ)ના વિદ્યાર્થીઓ માટે તત્વજ્ઞાન વિષયના શિક્ષકની અછત લાંબા સમયથી યથાવત રહેતા વિદ્યાર્થીઓના અભ્યાસ અને ભવિષ્ય પર ગંભીર અસર પડી રહી છે.

આ વિષયનો અભ્યાસક્રમ અત્યાર સુધી યોગ્ય રીતે ચલાવવામાં આવ્યો નથી અને આવતા દિવસોમાં બોર્ડની પરીક્ષાઓ અતિ નજીક હોય, વિદ્યાર્થીઓમાં ભારે ચિંતા સર્જાઈ છે.

આ અંગે આજે એનએસયુઆઈ અમરેલી જિલ્લા પ્રમુખ સાહીલ શેખે શાળા પ્રિન્સિપાલને રૂબરૂ મળી પરિસ્થિતિ અંગે વિસ્તૃત રજૂઆત કરી. તેમજ શાળા ટ્રસ્ટી તથા જિલ્લા શિક્ષણાધિકારી અમરેલીને ટેલિફોનિક રીતે માહિતગાર કરીને તાત્કાલિક તત્વજ્ઞાન વિષયના શિક્ષકની ફાળવણી કરવાની માંગણી કરવામાં આવી.

એનએસયુઆઈ તરફથી સ્પષ્ટ જણાવાયું કે વિદ્યાર્થીઓને માર્ગદર્શન ન મળવાથી તેમના ભવિષ્યને મોટા પડકારો ઊભા થઈ રહ્યા છે. જો તાત્કાલિક તત્વજ્ઞાન વિષયના શિક્ષકની નિમણૂંક / ફાળવણી કરીને અભ્યાસક્રમ પૂર્ણ ન કરવામાં આવે, તો વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને આ મુદ્દાને ઉચ્ચ કક્ષાએ પ્રબળ રીતે રજૂ કરવામાં આવશે.

### સમગ્ર પંથકના વાહનચાલકોમાં ખુશીનો માહોલ

# લાઠી : ઈંગોરાળા–હરિપર માર્ગની રૂપિયા 3 કરોડનાં ખર્ચે મરામત કરાશે

### ધારાસભ્ય જનક તળાવીયાની જહેમત રંગ લાવી

લાઠી, તા. ૯

ધારાસભ્ય જનક તળાવીયાના પ્રયાસોથી લાઠી તાલુકાના ગ્રામ્ય વિસ્તારને મળી મોટી ભેટ લાઠી – બાબરા પંથકના ધારાસભ્ય જનક તળાવીયાના સઘન પ્રયાસોના ફળ સ્વરૂપે લાઠી તાલુકાના ઈંગોરાળા અને લીલીયા તાલુકાના હરીપર ગામને જોડતા અગત્યના માર્ગને રીસર્ફેસિંગ કરવા માટે રાજય સરકાર દ્વારા રૂા.૩ કરોડનો માતબર ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. આ મંજૂરીથી લાંબા સમયથી બિસ્માર હાલતમાં રહેલા આ માર્ગ પરના પ્રવાસીઓ અને સ્થાનિકોને મોટી રાહત મળશે.

ઈંગોરાળા અને હરીપર ગામ વચ્ચેનો આ રોડ આસપાસના અનેક ગામો માટે મુખ્ય પરિવહન માર્ગ તરીકે સેવા આપે છે. રોડની ખરાબ સ્થિતિને કારણે ગ્રામજનોને અવર જવરમાં ભારે મુશ્કેલી પડતી હતી. આ સમસ્યા ધારાસભ્ય જનક તળાવીયાના ધ્યાન પર આવતા, તેમણે તાત્કાલિક ધોરણે આ માર્ગને રીસર્ફેસિંગ કરવા માટે રાજય સરકારમાં રજૂઆત કરી હતી.

ધારાસભ્યની રજૂઆતને પગલે માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ રોડના કામ માટે રૂા.૩ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ ગ્રાન્ટ દ્વારા રોડનું સંપૂર્ણપણે રીસર્ફેસિંગ કરવામાં આવશે, જેનાથી માર્ગની ગુણવત્તા સુધરશે અને વાહન વ્યવહાર સરળ બનશે.

ધારાસભ્યએ આ અંગે જણાવ્યું હતું કે, ‘લાંબા સમયથી આ રોડની સ્થિતિ ચિંતાજનક હતી, જેના કારણે લોકોને હાલાકી ભોગવવી પડતી હતી. રાજય સરકારે આ રજૂઆતને ધ્યાને લઈ તાત્કાલિક આટલી મોટી રકમ મંજૂર કરી છે, તે બદલ હું મુખ્યમંત્રી અને માર્ગ–મકાન મંત્રીનો આભાર વ્યક્ત કરૂં છું. આ રોડનું કામ પૂર્ણ થવાથી ઈંગોરાળા, હરીપર અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના લોકોને ઘણો ફાયદો થશે અને તેમનો સમય તથા શ્રમ બચશે.‘

આ સમાચારથી સમગ્ર પંથકના ગ્રામજનોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. તેઓએ ધારાસભ્યનો આભાર માન્યો હતો અને આ કામગીરી વહેલી તકે શરૂ થાય તેવી આશા વ્યક્ત કરી હતી.

### પ્રદેશ કોંગ્રેસનાં પ્રમુખ અમિત ચાવડાનાં શાબ્દિક પ્રહારો

# સરહદી વિસ્તારોનાં પોલીસ સ્ટેશનમાં પોસ્ટિંગ માટે લાખો રૂપિયાનો ભાવ, કરોડો રૂપિયાનાં હપ્તા દર મહિને ગાંધીનગર પહોંચે છે

### દારૂ અને ડ્રગ્સની હોમ ડિલિવરી અને ખેડૂતોને ખાતર મળતુ નથી





અમદાવાદ, તા. ૯

આજરોજ છોટાઉદેપુર જિલ્લાના કવાંટ ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ આદિવાસી વિભાગ દ્વારા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડાની અધ્યક્ષતામાં ભવ્ય જન આક્રોશ સભાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મોટી સંખ્યામાં આદિવાસી ભાઈઓ–બહેનો, યુવાનો અને કાર્યકરો ઉમટી પડયા અને આદિવાસી સમાજે પોતાના હક્ક, અધિકાર અને ન્યાય માટે એકતાબદ્ધ બની લડત લડવા સંકલ્પ કર્યો.

આ પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડાએ સરકારની આદિવાસી વિરોધી નીતિઓ અંગે તીવ્ર આક્રોશ વ્યકત કરતાં જણાવ્યું કે સરકારે આદિવાસી સમાજની જમીન, જંગલ અને પાણી ઉપરના હક્કોને છીનવી લેવાનો પ્રયાસ કર્યો છે. આદિવાસી વિસ્તારોમાં રોજગારનો અભાવ છે, આરોગ્ય–શિક્ષણની સ્થિતિ અત્યંત નબળી છે અને વિકાસના નામે આદિવાસીઓનું શોષણ થઈ રહ્યું છે.

વધુમાં તેમણે જણાવ્યું કે કોંગ્રેસના સમયમાં સરપંચ, તલાટી જાતિના દાખલા કાઢી આપતા, આજે ભાજપના રાજમાં જાતિના દાખલા લેવા માટે આદિવાસી સમુદાયને ભટકવું પડે છે. જીપીએસસી જેવી ભરતી પરીક્ષાઓમાં જાતિના આધારે માકર્સ આપવામાં આવી અન્યાયપૂર્વક ઓ.બી.સી., એસ.સી., એસ.ટી. સમુદાયના વિદ્યાર્થીઓને નુકસાન પહોંચાડવામાં આવે છે.

ભાજપના રાજમાં તમામ વર્ગો આજે દુઃખી છે. રાજયમાં ખાતરની તંગી છે, ખેડૂતો ગામેગામ લાઈનમાં ઉભા રહેવા મજબૂર બને છે, છતાં ખાતર મળતું નથી. મળે તો બે ગણો ભાવ લેવાય છે. ખુલ્લેઆમ ખાતરની કાળા બજારી ચાલી રહી છે છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી, કારણ કે આ ભાજપના મળતીયાઓ જ કરી રહ્યાં છે. તેથી ખેડૂતો ત્રસ્ત થઈ ગયા છે.

આગળ તેઓએ જણાવ્યું કે સરકાર ખેડૂતોને પેકેજના નામે પડીકું આપે છે. ફિકસ પે, કોન્ટ્રાકટ પ્રથા અને આઉટ સોર્સિંગના નામે યુવાનોનું શોષણ થાય છે. સરકારના તમામ વિભાગોમાં પૈસા આપ્યા વગર લોકોના કામ થતા નથી. રાજયમાં દારૂ અને ડ્રગ્સની રેલમછેલ છે. સરકાર હપ્તા લે છે, પરંતુ કોંગ્રેસે આ મુદ્દાઓ પર લડત શરૂ કરતા જ સીએમ અને ડેપ્યુટી સીએમની ઊંઘ હરામ થઈ ગઈ છે. એમને સપનામાં પણ કોંગ્રેસ જ દેખાય છે અને ડર લાગે છે કે કોંગ્રેસ હપ્તા બંધ કરાવી દેશે. અને જો આવું થશે તો ઉપર મોટા સાહેબોને શું જવાબ આપશું કારણ કે આજ પૈસાનો ઉપયોગ ચૂંટણી લડવા માટે થતો રહ્યો છે.

વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષારભાઈ ચૌધરીએ જણાવ્યું કે કોંગ્રેસની જ સરકાર હતી જેણે આદિવાસી સમુદાયના મૂળભૂત અધિકારોનું રક્ષણ કર્યુ હતું. આદિવાસી સમુદાયને જળ, જમીન, જંગલ અને શિક્ષણના અધિકારો આપ્યા હતા. બીજી તરફ ભાજપ સરકાર આદિવાસી સમુદાયને પ્રતાડિત કરી રહી છે અને તેમના હક્ક અને અધિકારો છીનવવાના પ્રયાસો કરી રહી છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી હોય કે દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારો વિકાસના નામે આદિવાસી સમાજની જમીનો અને મૌલિક અધિકારો પર તરાપ મારવામાં આવી રહી છે.

આ પ્રસંગે વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષારભાઈ ચૌધરી, સહપ્રભારી બી.વી. શ્રીનિવાસ, ધારાસભ્ય જીજ્ઞેશભાઈ મેવાણી, અનંત પટેલ, કાંતિભાઈ ખરાડી, સેવાદળ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજીભાઈ દેસાઈ, એસ.ટી. ડિપાર્ટમેન્ટ ચેરમેન રાજુભાઈ પારઘી, પૂર્વ ધારાસભ્યો, વરિષ્ઠ આગેવાનો, જિલ્લા–તાલુકાના હોદ્દેદારો, કાર્યકર્તાઓ તેમજ મોટી સંખ્યામાં લોકો જોડાયા.

# અમરેલીના શાસ્ત્રી અને કથાકાર શરદભાઈ દવેનો આજે જન્મ દિવસ



અમરેલીના સુપ્રસિધ્ધ વિધ્વાન શાસ્ત્રી ભાગવત કથાકાર, ગણેશ સ્તવન, પ્રાર્થના, વેદમંત્રો, ગાયક, જયોતિષ, હસ્તરેખા, વાસ્તુશાસ્ત્ર, સલાહકાર, કવિ, લેખક, એનાઉન્સર, શાસ્ત્રી, શરદભાઈ ધીરજલાલ દવેનો આજે જન્મ દિવસ છે. તેઓના મો.નં. ૯૪૨૭૮ ૧૭૦૬૭ ઉપર શુભેચ્છાઓનો ધોધ વરસી રહયો છે જન્મ દિવસની ખૂબ ખૂબ શુભકામનાઓ.

### અમર ડેરીના ચેરમેન અશ્વિન સાવલિયા સહિત

# બાબરા ખાતે તાલુકા કૃષિ સેવા સહકારી મંડળીનાં મગફળી કેન્દ્ર ઉપર આગેવાનોની મુલાકાત

### ખરીદીની પ્રક્રિયા પારદર્શી હોય ખુશી વ્યકત કરી





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૯

બાબરામાં અમરેલી રોડ પર આવેલ અમીધારા જીનહાઉસમાં તાલુકા કૃષિસેવા સહકારી મંડળી દ્વારા ટેકાના ભાવે મગફળીની ખરીદી કરવામાં આવી રહી છે રાજય સરકાર દ્વારા અહીં સેન્ટર ફાળવતા મોટી સંખ્યામાં ખેડૂતો ટેકાના ભાવે મગફળી આપી રહ્યા છે ત્યારે અમરેલી જિલ્લા અમર ડેરીના ચેરમેન અનિભાઈ સાવલિયા, જિલ્લા મધ્યસ્થ બેંકના એમ.સી. બી.એસ. કોઠીયા, જેઠસુરભાઈ કોઠીવાળ સહિતના અન્ય અગ્રણીઓ દ્વારા અહીં મગફળી ખરીદી સેન્ટરમાં થતી ખરીદીની કામગીરીનું નિરીક્ષણ કર્યુ હતું તેમજ ખેડૂતો માટે મુકવામાં આવેલ વ્યવસ્થા નિહાળી હતી અને ખેડૂતો કોઈ મુશ્કેલીઓ બાબતે ચર્ચા કરી હતી.

તાલુકા કૃષિસેવા સહકારી મંડળીના ચેરમેન જગદીશભાઈ નાકરાણી, વાઈસ ચેરમેન હરેશભાઈ આખજા, ડિરેકટર અજિતભાઈ ખોખરીયા દ્વારા ખરીદી સેન્ટર થતી મગફળીની ખરીદી બાબતે માહિતી આપી હતી અને ખેડૂતોને સેન્ટરમાં કોઈપણ બાબતે મુશ્કેલીઓ ન પડે તેની પુરતી તકેદારી રાખવામાં આવેલ છે તેમજ ચા પાણી અને બેસવાની વ્યવસ્થા પણ રાખેલ છે અહીં મગફળી કેન્દ્ર પર કામગીરી તેમજ ખેડૂતોની વ્યવસ્થા જોય અનિભાઈ સાવલિયા સહિતના અગ્રણીઓ પ્રભાવિત થયા હતા.

### ગૃહિણીએ મા દુર્ગા જેવુ સ્વપ્ન ધારણ કરી લીધુ

# પત્નીએ રોજે રોજ કચકચ અને માથાકુટથી કંટાળીને પતિ ઉપર કર્યો પાઈપ વડે હુમલો

### પતિને ઈજાગ્રસ્ત હાલતમાં સારવારમાં ખસેડાયો





અમરેલી, તા. ૯

ધારીનાં દલખાણીયા ગામે પતિની રોજેરોજની માથાકુટ અને દારૂ પીવાની ટેવથી કંટાળીને પત્નીએ પતિને માતાનાં ભાગે પાઈપ માર્યાની ઘટના બનતાં ચકચાર મચી છે.

વિગત એવા પ્રકારની છે કે ધારીનાં દલખાણીયા ગામે ભરત કાળુભાઈ મકવાણાને દારૂ પીવાની ટેવ હોય અવારનવાર ઘરમાં પત્ની સાથે માથાકુટ કરતો હોય અંતે તેમની પત્નીએ કંટાળીને આજે તેમનાં પતિનાં માથાના ભાગે પાઈપ ફટકારી દેતા પતિને ૧૦૮ મારફત સારવારમાં ખસેડવામાં આવેલ છે.

# લીલીયા મોટા ખાતે જિલ્લા કક્ષાનાં બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનનો પ્રારંભ









લીલીયા મોટા ખાતે લીલીયા મહાલ કેળવણી મંડળ સંચાલિત અમૃતબા વિદ્યાલય ખાતે કે.જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ સમિતિ અને જિલ્લા શિક્ષણ કચેરી અને તાલીમ ભવન અમરેલીના સંયુકત ઉપક્રમે ત્રિદિવસીય જિલ્લા કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન ૨૦૨૫/૨૬ કલેકટર વિકલ્પ ભારદ્વાજ ની અપ્રયક્ષતામાં રીબીન કાપી પ્રારંભ કરવામાં આવેલ આ પ્રસંગ સે પ્રથમ સંચાલક મંડળના પ્રમુખ અરૂણભાઈ પટેલે આમંત્રિત મહેમાનોનું શાબ્દિક સન્માન કરી શાળાની વિવિધ પ્રવૃત્તિઓ નો અહેવાલ રજૂ કરેલ ત્યારબાદ સંસ્થાના ટ્રસ્ટી મંડળ દ્વારા જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, ડિ.ડિ.ઓ. પરિમલ પંડ્યા,જિલ્લા શિક્ષણ અધિકારી ગોહિલ પ્રાથમિક જિલ્લા શિક્ષણ અધિકારી સોલંકી સહિત રાજકીય મહાનુભાવો અને વિવિધ વિભાગના અધિકારીઓનું પુષ્પગુચ્છ અને સાલ ઓઢાડી સન્માન કરેલ સાથે સાથે શાળાની બહેનોએ સ્વાગત ગીત રજૂ કરેલ ત્યારબાદ બાળ વૈજ્ઞાનિકોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ આ તકે જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ ડી.ડી.ઓ. પરિમલ પંડયા જિલ્લા શિક્ષણ અધિકારી એમ.બી. ગોહિલ સહિતના મહાનુભાવો એ પ્રાસંગિક પ્રવચન કરી બાળ વૈજ્ઞાનિકોને રાષ્ટ્ર પ્રગતિમાં યોગદાન આપવા અનુરોધ કરી બાળ વૈજ્ઞાનિકોની કૃતિઓ નિહાળી બાળ વૈજ્ઞાનિકોને બિરદાવ્યા હતા. આ વિજ્ઞાન પ્રદર્શનમાં જિલ્લાની ૫૫ પ્રાથમિક શાળા અને માધ્યમિક ૫૦ મળી ૧૦૫ શાળાના બાળ વૈજ્ઞાનિકોએ ભાગ લીધો હતો આ તકે જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ દુધાત, ભીખાભાઈ ધોરાજીયા, જીગ્નેશ સાવજ, મગનભાઈ વિરાણી, બાબુભાઈ ધામત, મનસુખભાઈ ચોપડા, માવજીભાઈ લહેરી, સરપંચ જીવનભાઈ વોરા, કાનજીભાઈ નાકરાણી, મામલતદાર બળદેવભાઈ પટેલ, કિશોરભાઈ આચાર્ય સહિતના મહાનુભાવો અને ગ્રામજનો વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ કાર્યક્રમના અંતમાં શાળાના આચાર્ય ડો. હસમુખભાઈ કરડે આભાર વિધિ કરેલ સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા શાળાના કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી.

## ''અમરેલી એકસપ્રેસ''માં સચિત્ર અહેવાલ પ્રસિધ્ધ થયા બાદ

# અંતે સાવરકુંડલા-મહુવા માર્ગ ઉપર ડાયવર્ઝન પર ડામર લગાવવાની ફરજ પડી

**દિ'ઉગેને હજારો વાહનોની અવરજવર હોવા છતાં માર્ગનું કામ શરૂ હોય કાચા ડાયવર્ઝન બનાવેલ**

**જાગૃત નાગરિકે કરેલી રજુઆત બાદ અહેવાલ પ્રસિધ્ધ થતાં તંત્રએ આળશ ખંખેરી**

**તુરત જ ડાયવર્ઝન ઉપર ડામર કામ શરૂ થતાં વાહનચાલકોમાં રાહત ફરી વળી**

**આમ આદમીને પડતી તકલીફનું નિવારણ થતાં સૌએ વર્તમાનપત્ર પ્રત્યે અહોભાવ વ્યકત કર્યો**




અમરેલી, તા. ૯

સાવરકુંડલાથી મહુવા સુધીના નવા માર્ગના નિર્માણ કામો હાલમાં ઝડપથી ચાલી રહ્યા છે. માર્ગનાં વિસ્તરણ અને સુવિધાઓ વધારવા માટે અનેક જગ્યાએ નવા પુલો તેમજ ડાયવર્ઝન બનાવવામાં આવ્યા છે. પરંતુ સ્થાનિક લોકો તથા વાહનચાલકો તરફથી વર્ષોથી એક ગંભીર તકલીફ સામે આવી રહી હતી. ડાયવર્ઝન પર ધોરણ મુજબ ડામર અથવા સીસી રોડ ન પાથરાતા વાહન ચાલકોને ધૂળ, ખાડા અને અકસ્માતનો ખતરો વધતો હતો.

આ વિષયને ખૂબ જ ગંભીરતાથી લઈને ખેડૂત નેતા ચેતન માલાણીએ આ સમસ્યાની રજૂઆત ઉંચ કક્ષાએ કરી હતી. સાથે જ તેમણે અમરેલી એકસપ્રેસ ન્યૂઝને પણ આ સ્થિતિ વિશે વિગતવાર જાણ કરી હતી. બાદમાં અમરેલી એકસપ્રેસ ન્યૂઝ દ્વારા આ અંગેનો તીખો અને સ્પષ્ટ અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યો. આ અહેવાલ વાયરલ થતા સંબંધિત વિભાગે તાત્કાલિક પગલા લીધા અને ડાયવર્ઝન પર ડામરનું કામ શરૂ કરાવી દીધું.

સ્થાનિક લોકો માટે આ એક મોટી રાહત સમાન છે, કારણ કે ઘણાં સમયથી ચાલતી તકલીફને દૂર કરવા માટે સરકારી તંત્ર તરફથી ઝડપી પ્રતિસાદ મળ્યો છે. વાહન ચાલકોને હવે સુરક્ષિત અને સુગમ માર્ગ મળી રહેવાનો માર્ગ મોકળો થયો છે.

આ મુદ્દાને લઈને અમરેલી એકસપ્રેસ ન્યૂઝની ભૂમિકા માટે વિશેષ આભાર વ્યકત કર્યો અને જણાવ્યું કે મીડિયા દ્વારા લોકોના પ્રશ્નોને અવાજ મળે ત્યારે જ વાસ્તવિક પરિવર્તન શકય બને છે. તેમણે આશા વ્યકત કરી કે આવનારા સમયમાં માર્ગ નિર્માણમાં ગુણવત્તા અને સલામતીના ધોરણોને વધુ પ્રાથમિકતા મળશે.

આ સમગ્ર ઘટનાએ ફરી એકવાર સાબિત કર્યુ છે કે લોકોના પ્રશ્નોને યોગ્ય મંચ મળે તો ઝડપી ઉકેલ શકય બની રહે છે.

## શાખાનાં પુષ્પો

એક વ્યક્તિએ રાજા જનકને મોક્ષ પ્રાપ્તિનો માર્ગ બતાવવા કહ્યું. રાજાએ કહ્યું, 'એક સપ્તાહ પછી આપણા નગરમાં વસંતોત્સવ છે ત્યારે તું આવજે. તે દિવસે પેલો વ્યક્તિ આવ્યો ત્યારે રાજાએ તેના હાથમાં તેલથી છલોછલ ભરેલું કોડીયું આપી કહ્યું, 'આ કોડિયું હાથમાં રાખી આખા નગરમાં ફરી તારે પરત આવવાનું છે. જો તેલનું એક પણ ટીપુ ઢોળાશે તો તારો શિરછેદ થશે. તે વ્યક્તિ કોડિયામાં ધ્યાન કેન્દ્રિત કરી રાજમાર્ગ પરથી પસાર થયો અને પરત આવ્યો. રાજાએ પૂછયું, 'તે રસ્તામાં કોઈ માણસોને જોયા ? કોઈની વાતો સાંભળી ? ત્યારે પેલાએ કહ્યું, 'મારૂ સંપૂર્ણ ધ્યાન કોડિયા પર જ હતું. મોતની બીકે મેં કંઈ સાંભળ્યું નથી. રાજા જનકે કહ્યું, 'જ્ઞાન પ્રાપ્તિ માટે બસ આવી રીતે જ એકાગ્રતા કેળવવી પડશે.

**સોડમ :** મનની એકાગ્રતાથી અશકય કામ પણ શકય થઈ જાય છે.

રજુઆત શ્રી અર્જુન ગઢિયા અમરેલી


**જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર**
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-30 દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા Mo. 93770 03636

**આંબાનો બગીચો વેચવાનો છે.**
ધારીથી માત્ર ૫ કિલોમીટર દુર... ધારી-અમરેલી રોડ ઉપર કુલ-૨૧ વીઘા
આંબા - ૧૩૦૦ (૮ વર્ષના) + ૭૦૦ (૪ વર્ષના) = ૨૦૦૦ (ટોટલ આંબા)
રાવણા - ચીકુ - લીંબુડી - નાળીયેરી
૨૦ HP/ ૧૫ HP નાં ૨(બે) કનેકશન
૭૫૦ ફુટના ૨ (બે) બોર
૧૫ વીઘામાં જીણીનેટ બાંધેલ
મજુરો માટે ૨ (બે) પતરાની રૂમો
સંપર્ક મો. ૯૬૩૮૪ ૫૨૩૩૩




**શું તમને સાંભળવાની તકલીફ છે ?**
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

શુદ્ધ ઘી નાં અડદીયા
મગડી ગુંદીનાં લાડુ
ગુલાબ જાંબુ
શિવ નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઇ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
**મહાજન ઈ-સ્ટેમ્પ**
ઉપલબ્ધ સુવિધાઓ
CSC E-governance Services India Limited
E STAMP
પાનકાર્ડ | લાઈટ/ગેસ બીલ
પાસપોર્ટ | રેલ્વે/બસ/એર બુકીંગ
વાહન ઈન્શ્યોરન્સ | મની ટ્રાન્સફર
ફાસ્ટેગ | જીવન પ્રમાણપત્ર સર્ટી.
દરેક પ્રકારના રીચાર્જ | IT / GST રીટર્ન
વ્હાઈટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)
95 86 86 86 45







શું તમે હરસ.મસા. ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો.સહન ન કરો.સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
નાસુર Pilo nidal sinus ની સારવાર
ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
મૂત્રમાર્ગ તથા પિતાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ 20000+ દર્દીઓની તપાસ 3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com



ઈન્ડિગો સંકટ વચ્ચે PM મોદીનું મોટું નિવેદન

# જનતા પરેશાન થાય તેવા નિયમ-કાયદા ન હોવા જોઈએ

## પીએમ મોદીએ સાંસદોને માત્ર આર્થિક સુધારા જ નહીં પણ લોકોની રોજબરોજની જિંદગી સુધારવા પર ભાર આપ્યો

નવી દિલ્હી,તા.૯

દિલ્હીમાં NDA સાંસદોની બેઠકમાં આજે વડાપ્રધાન મોદીએ નિયમ કાયદા અંગે મોટું નિવેદન આપ્યું છે. કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજૂએ બેઠકમાં વડાપ્રધાન મોદીના સંબોધન અંગે જાણકારી આપતા જણાવ્યું કે, કે પીએમ મોદીએ સાંસદોને માત્ર આર્થિક સુધારા જ નહીં પણ લોકોની રોજબરોજની જિંદગી સુધારવા પર ભાર આપ્યો. તેમણે અમને ગાઈડલાઈન આપી છે કે કોઈ પણ ભારતીયને સરકારથી કોઈ તકલીફ ન થવી જોઈએ.

કિરેન રિજિજૂએ વધુમાં જણાવ્યું, કે 'પીએમ મોદીએ સાંસદોને કહ્યું કે કાયદા અને નિયમો સારા છે, પણ તે સિસ્ટમ ઠીક કરવા માટે. જનતાને પરેશાન કરવા નહીં. એક પણ એવો નિયમ કે કાયદો ન હોવો જોઈએ તેનાથી જનતાને પરેશાની થાય.'

નોંધનીય છે કે વડાપ્રધાન મોદીનું આ નિવેદન એવા સમયમાં આવ્યું છે જ્યારે દેશ અત્યારે ઈન્ડિગો સંકટથી પસાર થઈ રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસથી દેશની સૌથી મોટી એરલાઈન કંપની ઈન્ડિગો દરરોજ સેંકડો ફ્લાઈટ રદ કરી રહી છે. જેના કારણે લાખો મુસાફરો પરેશાન થયા છે. ઈન્ડિગોએ આ સંકટ માટે ટેકનિકલ ખામીની સાથે સાથે રોસ્ટર માટેના સરકારના નવા નિયમોનો પણ હવાલો આપ્યો હતો.

ઈન્ડિગોના સંકટ વચ્ચે મંગળવારે (૯ ડિસેમ્બર) પણ સેંકડો ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઓછામાં ઓછી ૧૩ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી અથવા કાર્યરત નહોતી, જેમાં આઠ ડિપાર્ચર અને પાંચ અરાઈવલનો સમાવેશ થાય છે. તેવી જ રીતે, આજે સવારે ૮ વાગ્યા સુધીમાં અમદાવાદ એરપોર્ટ પર ૧૬ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી.

એરલાઈને મંગળવારે બેંગલુરુ અને હૈદરાબાદથી આશરે ૧૮૦ ફ્લાઈટ્સ પણ રદ કરી હતી.

દરમિયાન, કેટલાક રૂટ પર ઈન્ડિગોની શિયાળાની સમયપત્રક ફ્લાઈટ્સ અન્ય સ્થાનિક કેરિયર્સને આપવામાં આવે તેવી શક્યતા છે, કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડુએ જણાવ્યું હતું કે સરકાર ઈન્ડિગોના સ્લોટમાં "ચોક્કસપણે" ઘટાડો કરશે. રાહુલ ભાટિયા દ્વારા નિયંત્રિત એરલાઈન ૯૦થી વધુ સ્થાનિક સ્થળો અને ૪૦થી વધુ વિદેશી સ્થળોએ દરરોજ ૨,૨૦૦ થી વધુ ફ્લાઈટ્સનું સંચાલન કરે છે.

RSSએ CBI, ED, ECI પર કબજો કર્યો : રાહુલ ગાંધી

# રાહુલે તમામ સંસ્થાઓ પર RSSનો કબજો હોવાનું કહેતા હોબાળો

## દેશની તમામ યુનિવર્સિટીઓમાં RSSના કુલપતિ' લોકસભામાં SIR પર ચર્ચા ટાણે રાહુલ ગાંધીના કેન્દ્ર પર પ્રહાર

નવી દિલ્હી,તા.૯

સંસદના શિયાળુ સત્રમાં આજે વિશેષ ગહન પુનરીક્ષણ (SIR), એટલે કે મતદાર યાદી સુધારણા પરની ચર્ચા દરમિયાન વિપક્ષના નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર, ચૂંટણી પંચ, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED), સીબીઆઈ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પર ગંભીર પ્રહારો કર્યા છે. તેમના આક્ષેપોના કારણે ગૃહમાં ભારે હંગામો થયો છે.

રાહુલ ગાંધી એ પોતાના ભાષણની શરૂઆત ખાદીના મહત્ત્વથી કરી હતી. તેમણે કહ્યું હતું કે 'મહાત્મા ગાંધીએ ખાદી પર ભાર એટલા માટે મૂક્યો હતો, કારણ કે તે માત્ર કપડું નથી, પરંતુ તે ભારતના સામાન્ય લોકોની અભિવ્યક્તિ, આત્મનિર્ભરતા અને સન્માનનું પ્રતીક છે. ખાદી એ ભારતની આત્મા છે. દરેક ક્ષેત્રની ઓળખ અલગ-અલગ કપડાંથી થાય છે.'અસમિયા ગમછાથી લઈને કાંચીપુરમની સાડી સુધીની ચર્ચા કરતાં તેમણે કહ્યું કે 'આપણો દેશ પણ એક ફેબ્રિક (કાપડ) જેવો જ છે. દેશની ઝલક તેના પહેરવેશમાં છે અને દેશના બધા દોરા એકસમાન છે, જે ૧૫૦ કરોડ હિંદુસ્તાનીઓથી બનેલો છે.'

રાહુલ ગાંધીએ મતદાર યાદી સુધારણા પર વાત કરતી વખતે RSS પર પણ આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે, 'RSS તમામ સંસ્થાઓ પર કબજો કરવા માંગે છે. દેશની તમામ યુનિવર્સિટીઓના કુલપતિઓ RSSના છે.' આ વાત સાંભળતા જ સત્તાધારી પક્ષના સભ્યોએ હંગામો શરૂ કરી દીધો હતો. ત્યારબાદ અધ્યક્ષ ઓમ બિરલાએ કોંગ્રેસ નેતાને માત્ર SIR પર જ બોલવાની અને કોઈ સંગઠનનું નામ ન લેવાની ટકોર કરી હતી.



સત્તા પક્ષે હોબાળો મચાવ્યા બાદ રાહુલે કહ્યું કે, 'મેં કોઈ ખોટું કહ્યું નથી. RSSએ શૈક્ષણિક સંસ્થાઓ પર કબજો કર્યો છે. સંગઠન સાથે જોડાયેલા વાઈસ ચાન્સેલરની નિમણૂક કરવામાં આવી છે. એક સંસ્થા સાથે જોડાયેલા લોકોએ CBI, ED પર કબ્જો કર્યો છે. દેશની ચૂંટણીને નિયંત્રણમાં રાખતી સંસ્થા ચૂંટણી પંચ પર પણ એક સંસ્થાએ કબજો કરેલો છે, મારી પાસે તેના પુરાવા છે.'

તેમણે વધુમાં કહ્યું કે, 'ભાજપ લોકશાહીને નુકસાન પહોંચાડવા માટે ચૂંટણી પંચનો ઉપયોગ કરી રહી છે. સીજેઆઈને સીઈસીની નિમણૂક પ્રક્રિયામાંથી હટાવાયા, જ્યારે તેમને હટાવાયા ત્યારે એકતરફ વડાપ્રધાન મોદી અને અમિત શાહ બેઠા હતા, જ્યારે બીજીતરફ હું બેઠો હતો. અત્યાર સુધીમાં કોઈપણ વડાપ્રધાને આવું કર્યું નથી. લોકસભા ચૂંટણી-૨૦૨૪ પહેલા ડિસેમ્બર-૨૦૨૩માં નિયમ બદલીને ચૂંટણી પંચને દંડ ન કરવાની જોગવાઈ કરવામાં આવી છે. એટલું જ નહીં CCTV અને ડેટાના નિયમો પણ બદલી નાખવામાં આવ્યા છે. સત્તા અને ચૂંટણી પંચ વચ્ચે તાલમેલ છે.'

તેમણે એવું પણ કહ્યું કે, 'હરિયાણાની મતદાર યાદીમાં એક બ્રાઝિલિયન મહિલાની તસવીર ૨૨ વખત છપાયેલી છે. અમે હરિયાણા અને મહારાષ્ટ્રમાં વોટ ચોરી થઈ હોવાનું સાબિત કર્યું. બિહારમાં એસઆઈઆર પ્રક્રિયા હાથ ધરાયા બાદ મતદાર યાદીમાંથી ૧.૨૨ લાખ ડુપ્લીકેટ ફોટો છપાયા છે.' આ દરમિયાન અધ્યક્ષે તુરંત રાહુલ ગાંધીને ટકોર કરીને કહ્યું કે, 'તમે વિપક્ષના નેતા છો, ગરિમા જાળવીને બોલો તો ઠીક છે, નહીં તો આવી રીતે સદન ન ચલાવી શકાય. તમે તમારા સભ્યોને ગરિમા શીખવાડો. વિરોધ કરવાની પણ રીત હોય છે, પણ તમે જે રીતે બોલો છે, તે શું યોગ્ય છે.'

# મહારાષ્ટ્રમાં ફરી નવાજૂનીના એંધાણ? ૨૨ ધારાસભ્યો પક્ષપલટો કરશે તેવો દાવો

## મહાયુતિની એક સહયોગી પાર્ટીના ૨૨ ધારાસભ્ય મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના 'નજીકના' થઈ ગયા છે

મહારાષ્ટ્ર,તા.૯

શિવસેના (UBT) ધારાસભ્ય આદિત્ય ઠાકરેએ સોમવારે દાવો કર્યો કે, મહાયુતિની એક સહયોગી પાર્ટીના ૨૨ ધારાસભ્ય મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના 'નજીકના' થઈ ગયા છે અને પાર્ટી બદલવા માટે તૈયાર છે. તેમનો પરોક્ષ રીતે ઈશારો નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેની શિવસેના તરફ હતો. જોકે, મુખ્યમંત્રીએ આ દાવાનો ઈનકાર કરી દીધો છે. શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનાનું નામ લીધા વિના, વિધાન ભવન સંકુલમાં પત્રકારો સાથે વાત કરતા આદિત્ય ઠાકરેએ દાવો કર્યો કે, "એક શાસક પક્ષ અને બે જૂથો છે. એક જૂથના બાવીસ ધારાસભ્યો મુખ્યમંત્રીની નજીક આવી ગયા છે. તેમની પાસે સારા પૈસા છે અને તેઓ તેમના ઈશારા પર નાચી રહ્યા છે. આ ૨૨ ધારાસભ્યો પક્ષપલટો કરવા માટે તૈયાર છે.'વર્લીના ધારાસભ્ય ઠાકરેએ કહ્યું કે, આ ૨૨ ધારાસભ્યોમાંથી એક પોતાને "ઉપ-કેપ્ટન" કહે છે. તેઓ આડકતરી રીતે ઉદ્યોગ મંત્રી ઉદય સામંતનો ઉલ્લેખ કરી રહ્યા હતા. ભૂતકાળમાં, શિવસેના (UBT) એ દાવો કર્યો હતો કે, સામંતને શિંદે અને અજિત પવાર સાથે રાજ્યના ત્રીજા નાયબ મુખ્યમંત્રી બનાવી શકે છે. રાજ્ય વિધાનસભાના બંને ગૃહોમાં વિપક્ષી નેતાઓની નિમણૂક અંગે નિષ્ક્રિયતાના મુદ્દા અંગે, આદિત્ય ઠાકરેએ પ્રશ્ન કર્યો કે સરકાર વિપક્ષી નેતાઓથી કેમ ડરે છે?

મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આદિત્ય ઠાકરેને જવાબ આપતા કહ્યું, "જો કોઈ આવું કહે છે, તો કાલે કોઈ બીજું દાવો કરી શકે છે કે આદિત્ય ઠાકરેના ૨૦ ધારાસભ્યો પણ ભાજપમાં છે. ફક્ત આવું કહેવાનો કોઈ અર્થ નથી." તેમણે સ્પષ્ટતા કરી કે ભાજપને તેમના ધારાસભ્યોને લેવાની કોઈ જરૂર નથી.નોંધનીય છે કે, જૂન, ૨૦૨૨માં શિંદેના નેતૃત્વમાં ધારાસભ્યોના વિદ્રોહ બાદ શિવસેનાનું વિભાજન થઈ ગયું હતું. જેના કારણે તત્કાલિન મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેને પોતાના પદ પરથી રાજીનામું આપવું પડ્યું હતું. ત્યારબાદ જાન્યુઆરી, ૨૦૨૪માં વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકરે કહ્યું હતું કે, એકનાથ શિંદેના નેતૃત્વવાળું જૂથ 'અસલી' શિવસેના છે, જે ભાજપ અને નાયબ મુખ્યમંત્રી અજિત પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી સાથે રાજ્યમાં સત્તાધારી મહાયુતિનું એક ઘટક છે.

શિવસેના (UBT)ના નેતા ભાસ્કર જાધવને તેમની પાર્ટી દ્વારા વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા પદ માટે નામાંકિત કરવામાં આવ્યા છે, પરંતુ કેબિનેટ સ્તરની આ નિમણૂક અંગે સ્પીકર દ્વારા કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. શિવસેના (UBT) ૨૦ ધારાસભ્યો સાથે નીચલા ગૃહમાં સૌથી મોટો વિરોધ પક્ષ છે.

અગાઉ, જાધવે રાજ્ય વિધાનસભાને પત્ર લખીને જાણવા માંગ્યું હતું કે, શું એવો કોઈ નિયમ છે કે વિરોધ પક્ષ પાસે વિરોધ પક્ષના નેતા પદ માટે દાવો કરવા માટે વિધાનસભાની કુલ સંખ્યાના ૧૦ ટકા (૨૮૮ માંથી ૨૯ બેઠકો) હોવી જોઈએ. નોંધનીય છે કે, ગયા વર્ષે રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં વિરોધ પક્ષની કારમી હાર બાદ, કોઈપણ પક્ષ કુલ ૨૮૮ બેઠકોમાંથી ૧૦ ટકા બેઠકો જીતી શક્યો ન હતો.શિવસેના (UBT)ના પૂર્વ સભ્ય વિધાન પરિષદ (MLC) અંબાદાસ દાનવેનો વિધાન પરિષદમાં વિરોધ પક્ષના નેતા તરીકેનો કાર્યકાળ ઓગસ્ટમાં સમાપ્ત થયો હતો. કોંગ્રેસે તેમના MLC સતેજ પાટિલને ઉપલા ગૃહમાં વિરોધ પક્ષના નેતા તરીકે નિયુક્ત કરવા માટે નામાંકિત કર્યા છે.રાજ્ય વિધાન પરિષદના અધ્યક્ષ રામ શિંદેએ રવિવારે જણાવ્યું હતું કે, તેમના કાર્યાલયને વિરોધ પક્ષના નેતાની નિમણૂક માટે એક પ્રસ્તાવ મળ્યો છે અને હિતધારકો સાથે વાતચીત કર્યા બાદ નિર્ણય લેવામાં આવશે.

મતદાર યાદી મામલે લોકસભામાં 'સંગ્રામ'

# ચૂંટણી પંચને SIR કરવાનો અધિકાર જ નથી

## તમામ સભ્યોને આરોપ-પ્રત્યારોપથી બચીને ચૂંટણી સુધારા પર કેન્દ્રિત રહેવા માટે નિવેદન આપ્યું હતું

નવી દિલ્હી,તા.૯

સંસદના શિયાળું સત્ર દરમિયાન મંગળવારે (૯ ડિસેમ્બર) લોકસભામાં ચૂંટણી સુધારા પર ચર્ચા થઈ રહી છે. ચર્ચામાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન થી લઈને ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM)ની વિશ્વસનીયતાથી લઈને રાજકીય પાર્ટીને મળતા ફન્ડ પર વાત થઈ રહી છે. કોંગ્રેસ સાંસદ મનીષ તિવારીએ લોકસભામાં આ ચર્ચાની શરૂઆત કરી હતી. ચર્ચાની શરૂઆત પહેલાં સ્પીકર ઓમ બિરલાએ તેને સંવેદનશીલ ચર્ચા જણાવીને તમામ સભ્યોને આરોપ-પ્રત્યારોપથી બચીને ચૂંટણી સુધારા પર કેન્દ્રિત રહેવા માટે નિવેદન આપ્યું હતું. મનીષ તિવારીએ ચર્ચાની શરૂઆતમાં કહ્યું કે, લોકતંત્રમાં મતદાર અને રાજકીય પાર્ટી મોટા ભાગીદાર છે. ચૂંટણી માટે એક ન્યૂટ્રલ અમ્પાયરની જરૂર છે, જેને જોતા ચૂંટણી પંચ બનાવવામાં આવ્યું હતું. રાજીવ ગાંધીની સરકારે દેશમાં સૌથી મોટું ચૂંટણી સુધારનું કામ કર્યું હતું. તેમણે ૧૮ વર્ષથી વધુની ઉંમરના લોકોને મતદાન અધિકાર આપ્યો. પરંતુ, આજે ચૂંટણી પંચની નિષ્પક્ષતા પર સવાલ ઊભા થઈ રહ્યા છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ચૂંટણી સુધારાની પ્રાથમિક જરૂરિયાત ૨૦૨૩ના કાયદામાં સુધારો કરવાની છે. તિવારીએ માંગ કરી કે, આમાં બે અન્ય સભ્યોને જોડવામાં આવે. ચૂંટણી પંચની નિયુક્તિની કમિટીમાં સરકાર અને વિપક્ષના બે-બે લોકો હોવા જોઈએ. આ સિવાય તેમાં ઝજ્જનો પણ સમાવેશ કરવો જોઈએ.

SIRનો ઉલ્લેખ કરતા કોંગ્રેસ સાંસદે કહ્યું કે, અનેક પ્રદેશોમાં SIR થઈ રહ્યું છે. ચૂંટણી પંચ પાસે કાયદાકીય રીતે SIR કરાવવાનો કોઈ અધિકાર નથી. પંચનું કહેવું છે કે, સેક્શન ૨૧ હેઠળ તેમને આ અધિકાર મળે છે. બાદમાં મનીષ તિવારીએ આખા સેક્શનને વાંચ્યું અને કહ્યું કે, ન તો બંધારણમાં અને ન તો કાયદામાં SIRની કોઈ જોગવાઈ છે. ચૂંટણી પંચને એક હથિયાર તરીકે SIR આપવામાં આવ્યું હતું. જો મતદાર યાદીમાં કોઈ વિસંગતતા હોય, તો લેખિત કારણો આપ્યા પછી જ તેને સુધારવા માટે SIR કરી શકાય છે. સરકારે દરેક મતવિસ્તારમાં વિસંગતતાઓની વિગતો અને SIR શા માટે જરૂરી છે તે ગૃહ સમક્ષ રજૂ કરવું જોઈએ.

વંદે માતરમ્ : રાજકીય રોટલો શેકતા રાજકારણીઓ

# રાષ્ટ્ર ગીત વંદે માતરમના ૧૫૦ વર્ષ પૂરા થવા પ્રસંગે લોકસભામાં ૧૦ કલાક ચર્ચા ચાલી

## રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનું પણ પ્રિય ગીત હોવા છતાં કોંગ્રેસે તેના ટુકડા કરવાની લાચારીનો સામનો કરવો પડયો : પીએમ

નવી દિલ્હી,તા.૯

રાષ્ટ્રગીત વંદે માતરમ્ની રચનાને ૧૫૦ વર્ષ થયાં તે મુદે સંસદમાં ખાસ ચર્ચા કરવામાં આવી હતી. સત્તાપક્ષ અને વિપક્ષના સાંસદોએ વંદે માતરમ્ બાબતે પોત-પોતાના અભિપ્રાયો આપ્યાં હતાં. રાષ્ટ્રગીતના રચયિતા બંકિમ ચંદ્ર ચટ્ટોપાધ્યાયનું સ્મરણ થયું. વંદે માતરમ્ ગીત પહેલી વખત બંકિમ બાબુની જે નવલકથા આનંદમઠમાં લખાયું હતું એ આનંદમઠનો પણ ઉલ્લેખ થયો. જોકે, આ બધી ચર્ચા વાદ-વિવાદમાં પરિણમી હતી. રાજકારણીઓએ વંદે માતરમ્ ગીતના ઈતિહાસમાંથી ધૂળ ખંખેરીને એકબીજા પર આરોપો લગાવ્યા હતા. રાષ્ટ્રગીતની ગરિમા, ગૌરવ, મહિમાગાનની વાતો એટલી ફંટાઈ ગઈ હતી કે એમાં રાજકારણ ભળી ગયું હતું. રાજકારણીઓએ દેશના ગરિમાપૂર્ણ ગૌરવગાનમાંથી રોટલા શેકવાનું શરૂ કર્યું હતું. એની ચર્ચા સંસદની સમાંતર લોકોની સંસદ સમાસોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પણ થઈ હતી અને આ રાજકારણ અંગે લોકોએ નારાજગી વ્યક્ત કરી હતી. બંકિમ બાબુના પ્રપૌત્ર સજલ ચટ્ટોપાધ્યાયે પણ વંદે માતરમ્ની આ ચર્ચામાં ઝંપલાવ્યું હતું. રાષ્ટ્રગીતના રચયિતાના પ્રપૌત્રએ કહ્યું હતું કે વંદે માતરમ્ની ચર્ચા સંસદમાં થાય તે સરાહનીય પગલું છે. ખરેખર તો આ સન્માન બંકિમ બાબુને બહુ પહેલાં મળી જવાની જરૂર હતી. દરેક ભારતીયોએ વંદે માતરમ્ સમજવાની જરૂર છે. નવી પેઢી ગીતને ભૂલી રહી છે ત્યારે અનું સન્માન થાય એ ઉમદા બાબત છે. ઉલ્લેખનીય છે કે, જે સમયે વંદેમાતરમ્ ગીત લખાયું ત્યારે તેનો ઘણા સ્તરે સ્વીકાર થયો નહોતો. સૂત્રોના મતે, ખાસ કરીને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા તેનો સ્વીકાર કરાયો નહોતો. સંઘે વંદેમાતમથી અંતર જાળવ્યું હતું. ૧૯૨૫માં સંઘની સ્થાપના થઈ તે સમયે તેઓ આ ગીતને કોંગ્રેસી ગીત ગણાવતા હતા. તેઓ વંદેમાતરમને પોતાની પ્રાર્થના કે રોજિંદા જીવનનો ભાગ ગણતા નહોતા. સંઘે પોતાના સાહિત્ય અને પાઠયક્રમમાં પણ તેને સ્થાન આપ્યું નહોતું. એવું કહેવાય છે કે, સ્વતંત્રતા મળ્યા બાદ સંઘ અને તેની સાથે જોડાયેલા રાજકીય પક્ષો દ્વારા વંદે માતરમનો આંશિક સ્વીકાર કરાયો હતો. જાણકારો માને છે કે, સંઘે ક્યારેય વંદે માતરમનો સીધી રીતે અસ્વીકાર નહોતો કર્યો પણ તેનો સંપૂર્ણ સ્વીકાર પણ નહોતો કર્યો. સંઘ દ્વારા રાષ્ટ્રગાનને જ મહત્ત્વ આપવામાં આવ્યું હતું.

દેશના અનેક વીરો વંદેમાતરમ્ ગાતા ફાંસીએ લટકી ગયા કોંગ્રેસે વંદે માતરમ્ ગીતનું વિભાજન કરી મુસ્લિમ લીગ સામે ઘૂંટણ ટેકવ્યા : મોદી

- રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનું પણ પ્રિય ગીત હોવા છતાં કોંગ્રેસે તેના ટુકડા કરવાની લાચારીનો સામનો કરવો પડયો : પીએમલોકસભામાં વંદે માતરમના ૧૫૦ વર્ષ નિમિત્તે ચર્ચા દરમિયાન વડાપ્રધાન મોદીએ રાષ્ટ્રગાનનના ટુકડા કરવા માટે કોંગ્રેસને જવાબદાર ઠેરવી હતી. તેમણે જણાવ્યું હતું કે કોંગ્રેસે મુસ્લિમ લીગ સામે ઘૂંટણ ટેકવતા વંદે માતરમ ગીતનું પણ વિભાજન કર્યુ. આ ફક્ત તુષ્ટીકરણ માટે કરવામાં આવ્યું. કોંગ્રેસની નીતિઓ આજે પણ એવી જ છે અને તેમના સાથી પણ વંદે માતરમ પર વિવાદ ઊભો કરવા પ્રયત્ન કરે છે.

પીએમ મોદીએ જણાવ્યું હતું કે ૧૯૦૫માં જે ગીત રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને રાષ્ટ્રગાન જેવું લાગતું હતું, તેની ભાવના આટલી મહાન હતી તો પછી પાછલી સદીમાં તેની સાથે આટલો મોટો અન્યાય કેમ થયો. વંદે માતરમ સાથે વિશ્વાસઘાત કેમ થયો. અહીં એવી કઈ તાકાત હતી જેની ઈચ્છા પૂજ્ય બાપુની ભાવનાઓ પર પણ ભારે પડી ગઈ હતી.

તેમણે જણાવ્યું હતું કે વંદે માતરમની સાથે-સાથે મુસ્લિમ લીગનું રાજકારણ પણ તેજ થઈ રહ્યું હતું. ૧૫ ઓક્ટોબર ૧૯૩૭માં લખનઉમાં વંદેમાતરમના વિરોધનો નારો બુલંદ થયો. કોંગ્રેસના તે સમયના તત્કાલીન પ્રમુખ પંડિત નેહરુને આ વિરોધમાં તેમનું આસન ડોલતું દેખાયુ. તેમણે મુસ્લિમ લીગના નિવેદનોની નિંદા કરીને વંદે માતરમ પ્રત્યે પોતાની અને પક્ષની નિષ્ઠા પ્રગત કરવી જોઈતી હતી, પરંતુ તેના બદલે ઉલ્ટું થયું. તેમણે વંદે માતરમ ગીતની જ તપાસ શરૂ કરવા માંડી. પાંચ દિવસ બાદ નેહરુએ ઝીણાને ચિઠ્ઠી લખી અને જણાવ્યું હતું કે આનંદમઠવાળી પૃષ્ઠભૂમિ મુસ્લિમોનો ઈરિટેટ કરી શકે છે.મને લાગે છે કે તેના બેકગ્રાઉન્ડથી મુસ્લિમ ભડકશે. તેના પછી ૨૬ ઓક્ટોબરે કોંગ્રેસની બેઠકમાં વંદે માતરમની સમીક્ષા કરવામાં આવી. તેના પછી કોંગ્રેસે વંદે માતરમના ટુકડા કરવાનો નિર્ણય લેતા મુસ્લિમ લીગ સમક્ષ શરણાગતિ સ્વીકારી. તેમણે જણાવ્યું હતું કે વંદે માતરમથું ભારતના જન-જન સાથે જોડાણ હતું. આ ગીત ફક્ત ગીત નથી પણ આપણા સ્વતંત્રતા સંગ્રામની લાંબી ગાથા વ્યક્ત કરે છે. ભારતના કેટલાય વીરો વંદે માતરમ ગાતા-ગાતા હસતા-હસતા ફાંસીના માંચડે લટકી ગયા હતા. વંદે માતરમ ફક્ત ગીત ન રહેતા સ્વતંત્રતાની ચળવળનું ગાન બની ગયું હતું. ભારતના ખૂણે-ખૂણે આ ગીત ગવાવા લાગ્યું હતું. આખા દેશમાં જાણે એક રાષ્ટ્રીય ભાવના દોડી ગઈ હતી. એક ગીતે અધિવેશન કોંગ્રેસનું હતું એ મોદી દેશને કહેતા નથી : કોંગ્રેસ

વંદે માતરમની ચર્ચામાં કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધીએ કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશ સમક્ષ અધૂરી માહિતી આપી રહ્યા છે. તેમણે ભાષણ બહુ સરસ આપ્યું, પરંતુ ઐતિહાસિક તથ્યોમાં ઉણા ઉતર્યા. મોદીજી કહે છે કે નેહરુના કહેવાથી વંદે માતરમ્ ગીતનું વિભાજન થયું, પરંતુ તેમણે એ વાત ન કહી કે જે અધિવેશનમાં કવિવર ટાગોરે પહેલી વખત વંદે માતરમ્ ગીત કમ્પોઝ કરીને ગાયું હતું એ અધિવેશન કોંગ્રેસનું હતું. કવિવર ટાગોરે ૧૮૯૬ના અધિવેશનમાં પહેલી વખત ગીત રજૂ કર્યું હતું.

પીએમ મોદીએ નેહરુને વંદે માતરમ્ ગીતના ફેરફાર માટે જવાબદાર ગણાવ્યા તેની સામે બોલતા પ્રિયંકા ગાંધીએ કહ્યું કે ભાજપ ચૂંટણી માટે આયોજનો કરે છે, અમે દેશ માટે આયોજન કરીએ છીએ. જો તમને નેહરુની નીતિઓથી વાંધો હોય તો એક વખત નેહરુની ભૂલોનું લિસ્ટ બનાવી લો અને પછી અમને આપી દો. તમે કહો તો ૪૦ કલાક આપણે તેના પર ચર્ચા કરીશું, પરંતુ પછી દેશના જે મહત્ત્વના મુદ્દા છે એવા મોંઘવારી, ગરીબી, બેકારી, ખેડૂતોના યોગ્ય ભાવ, મજૂરોને યોગ્ય વળતર, યુવાનોને રોજગારી જેવા મુદ્દે ચર્ચા કરો. અમે ગમે તેટલી ચૂંટણી હારી જઈશું, અમે અહીં જ બેસીને તમારી વિચારધારા સામે દેશહિતમાં લડતા રહીશું. તમે અમને રોકી નહીં શકો.

વંદે માતરમ્ ગીતના સંદર્ભમાં ચર્ચા કરતાં પ્રિયંકા ગાંધીએ કહ્યું કે મોદીને વંદે માતરમ્ ગીતમાં વિવાદ એટલો કરવો છે, કારણ કે બંગાળમાં ચૂંટણી આવી રહી છે. આપણાં વડાપ્રધાન બંગાળની ચૂંટણી માટે પૂર્વભૂમિકા તૈયાર કરવા માંગે છે એટલે આ વિવાદ છેડી રહ્યા છે. બીજું કારણ એ છે કે જેમણે દેશને આઝાદી અપાવવામાં બલિદાનો આપ્યા તેમને આરોપી બનાવીને તેમનું અપમાન કરવા માગે છે. એવું કહીને મોદીજી દેશની જનતાનું ધ્યાન મુખ્ય મુદ્દાઓ પરથી ભટકાવવા ઈચ્છે છે.દરમિયાન કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈએ પણ આ ચર્ચામાં કહ્યું હતું કે મુસ્લિમ લીગ ઈચ્છતી હતી કે વંદે માતરમ્ ગીતનો બહિષ્કાર થાય, પરંતુ તે વખતે કોંગ્રેસના લીડર મૌલાના અબુલ કલામ આઝાદે સ્પષ્ટ કહી દીધું કે વંદે માતરમ્ બાબતે કોઈ જ વિરોધ નથી. આ કોંગ્રેસ છે. હિંદુ મહાસભાએ પણ એક સમયે વંદે માતરમ્નો વિરોધ કર્યો હતો એવો આરોપ કોંગ્રેસ સાંસદે મૂક્યો હત

કેટ વિન્સલેટે બોટોક્સ અને ફિલરની પણ ટીકા કરી

# વજન ઘટાડવાની દવાઓ ભયજનક : કેટ વિન્સલેટે

## કેટ વિન્સલેટ જેમ્સ કેમેરુનની ફિલ્મ ટાઇટેનિકમાં લિયોનાર્દો દી કેપ્રિયો સાથે લીડ રોલ કરીને જાણીતી થઈ હતી

મુંબઈ, તા.૯

એક્ટર કેટ વિન્સલેટે ભરપુર પ્રમાણમાં લેવાતી વજન ઘટાડવાની દવાઓની ટીકા કરી છે અને બોટોક્સ અને ફિલર્સના ઈન્જેક્શન્સ પર પણ પોતાના વિચારો રજુ કર્યા છે. કેટે કહ્યું કે તેને આ પ્રકારની દવાઓ ચિંતાજનક લાગે છે. વજન ઘટાડવા પાછળની ઘેલછા વિશે તાજેતરમાં એક ઈટરવ્યું તેણે વાત કરી હતી, "આ ભયજનક છે. જો કોઈ વ્યક્તિનો આત્મ વિશ્વાસ તે કેવી દેખાય છે, એના પર જ આધાર રાખે એ ડરામણું છે."તેણે આગળ કહ્યું, "મારા માટે આ મૂંઝવણભર્યું છે કારણ કે મને એવું જોવા મળે છે, જ્યારે હું ઈવેન્ટ્સમાં અભિનેત્રીઓને તેમની ઈચ્છા મુજબ, ગમે તે કદમાં એમને જે ગમે તે પહેરેલી જોઉં છું, ત્યારે મને લાગે છે કે આવું કરવું વધુ સારું છે. પરંતુ પછી ઘણા લોકો વજન ઘટાડવાની દવાઓ પર છે.

તે ખૂબ જ વધી ગયું છે. કેટલાક પોતાની ઈચ્છા મુજબ ઈચ્છે એવું બનવાનો વિકલ્પ પસંદ કરી રહ્યા છે, અન્ય લોકો પોતે જે નથી તે બનવા માટે બધું જ કરે છે."કેટ વિન્સલેટે એવું પણ કહ્યું કે તે ઈચ્છે છે કે વધુ સંખ્યાં મહિલાઓ સહજ રીતે વધતી ઉંમરને એક પ્રક્રિયા તરીકે સ્વીકારે, નહીં કે બોટોક્સ અને ફિલર્સના ઈન્જેક્શન લે. તેણે કહ્યું, "જ્યારે હાથ ઘરડાં થાય એ મન સૌથી વધુ ગમે છે. એ જીવન તમારા હાથમાં છે.

હું કેટલીક સૌથી સુંદર સ્ત્રીઓને ઓળખું છું જે ૭૦ વર્ષની છે, પણ મને જે વાત સૌથી વધુ સતાવે છે તે એ છે કે કેચલીક યુવાન છોકરીઓને સમજવું નથી કે સહજ રીતે સુંદર હોવું એટલે શું."કેટ પ્રશ્ન પૂછે છે કે લોકો કેવા પરફેક્શનના વિચારોની આશામાં જીવે છે? તેણે કહ્યું કે સોશિયલ મીડિયા અને તેની માનસિક અસરો પણ ગંભીર છે. કેટ વિન્સલેટ જેમ્સ કેમેરુનની ફિલ્મ ટાઈટેનિકમાં લિયોનાર્દો દી કેપ્રિયો સાથે લીડ રોલ કરીને જાણીતી થઈ ગઈ હતી. તેણે આ ઈન્ટરવ્યુમાં એમ પણ કહ્યું હતું કે હોલિવૂડમાં સ્ત્રીની સુંદરતાના ધોરણો સજાપાત્ર છે. તેણે કહ્યું, "મીડિયાએ મારી સાથે ઘણું તિરસ્કારભર્યું વર્તન કર્યું હતું અને મને એકલી પાડીને મને ઘણી સતાવવામાં આવી હતી, હું કોઈ ફેમસ એક્ટ્રેસ થવા તૈયાર નહોતી. હું ઘણી નાની હતી, પણ મને લોકો મારા જીવનમાં ઘુસી ગયા હોય એવો અનુભવ થયો હતો. "

મહિલા વકીલોની સંખ્યા પૂરતી ના હોય ત્યાં કો-ઓપ્શનથી બેઠકો ભરવા નિર્દેશ

# રાજ્ય બાર કાઉન્સિલમાં 30% બેઠકો મહિલા વકીલો માટે અનામત રાખોઃ SC

## જે રાજ્યોની બાર કાઉન્સિલ્સમાં ચૂંટણીની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે ત્યાં મહિલાઓ માટે બેઠકો અનામત રાખવાનું સલાહભર્યું નથી

નવી દિલ્હી, તા.૯

દેશના તમામ રાજ્યોની બાર કાઉન્સિલમાં મહિલા વકીલો માટે ૩૦ ટકા બેઠકો અનામત રાખવાનો સુપ્રીમે આદેશ આપ્યો છે. ચીફ જસ્ટિસ સૂર્ય કાંત તથા જસ્ટિસ જોયમાલ્યા બાગચીની બેન્ચે આ અંગેનો આદેશ આપતાં જણાવ્યું હતું કે, જે રાજ્યોની બાર કાઉન્સિલમાં ચૂંટણીની પ્રક્રિયા શરૂ નથી કરાઈ તેવા તમામ રાજ્યોની બાર કાઉન્સિલમાં મહિલા વકીલો માટે ૩૦ ટકા બેઠકો અનામત રાખવામાં આવે. બેન્ચે જણાવ્યું હતું કે, ચાલુ વર્ષ માટે જે રાજ્યોની બાર કાઉન્સિલમાં ચૂંટણી યોજવાની બાકી છે, તેવા રાજ્યોમાં ૨૦ ટકા બેઠકો મહિલા ઉમેદવારોથી ભરવાની રહેશે, અને જ્યાં ઉમેદવારોની સંખ્યા પૂરતી ના હોય તેવા સંજોગોમાં બાકીની ૧૦ ટકા બેઠકો કો-ઓપ્શન એટલે કે સહયોગથી ભરવાની રહેશે. સર્વોચ્ચ અદાલતે વધુમાં જણાવ્યું હતું કે, જ્યાં મહિલા વકીલોની સંખ્યા પૂરતી ના હોય તેવા રાજ્યોના સંજોગોમાં કો-ઓપ્શનની દરખાસ્ત કોર્ટ સમક્ષ રજૂ કરવાની રહેશે.બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (બીસીઆઈ)ના ચેરપર્સન તથા વરિષ્ઠ વકીલ મનન કુમાર મિશ્રાએ બેન્ચને જણાવ્યું હતું કે, સર્વોચ્ચ અદાલતના અગાઉના આદેશને પગલે છ બાર કાઉન્સિલમાં ચૂંટણીની પ્રક્રિયાની શરૂઆત થઈ ગઈ છે. બીસીઆઈનું વલણ રજૂ કરતાં મિશ્રાએ જણાવ્યું હતું કે, સૈદ્ધાંતિક રીતે બીસીઆઈનું માનવું છે કે, રાજ્યોની બાર કાઉન્સિલમાં ઓછામાં ઓછી ૩૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત હોવી જોઈએ. તેમણે એવું સૂચન પણ કર્યું હતું કે, ચાલુ વર્ષે મહિલા ઉમેદવારોને કો-ઓપ્ટિંગ દ્વારા ભરતી કરવા માટે કાઉન્સિલને મંજૂરી મળવી જોઈએ. બેન્ચે ઉમેર્યું હતું કે, જે રાજ્યોની બાર કાઉન્સિલ્સમાં ચૂંટણીની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે ત્યાં મહિલાઓ માટે બેઠકો અનામત રાખવાનું સલાહભર્યું નથી. ઉલ્લેખનીય છે કે, ગત ૪ ડિસેમ્બરના રોજ સર્વોચ્ચ અદાલતે, રાજ્યોની બાર કાઉન્સિલની આગામી ચૂંટણીઓમાં મહિલાઓ માટે ૩૦ ટકા બેઠકો અનામત રાખવા બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને નિર્દેશ આપ્યો હતો.

# નાગરિકતા મામલે કોર્ટે સોનિયા ગાંધી અને દિલ્હી પોલીસને ફટકારી નોટિસ

## વિકાસ ત્રિપાઠી નામના વકીલ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી મામલે કોર્ટે સોનિયા ગાંધી અને દિલ્હી પોલીસને નોટિસ ફટકારીને જવાબ માંગ્યો છે

નવી દિલ્હી,તા.૯

કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અને વરિષ્ઠ નેતા સોનિયા ગાંધીને દિલ્હીની રાઉઝ એવેન્યુ કોર્ટે નાગરિકતા મામલે નોટિસ ફટકારી છે. વિકાસ ત્રિપાઠી નામના વકીલ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી મામલે કોર્ટે સોનિયા ગાંધી અને દિલ્હી પોલીસને નોટિસ ફટકારીને જવાબ માંગ્યો છે. નોંધનીય છે કે અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે સોનિયા ગાંધીએ વર્ષ ૧૯૮૩માં ૩૦મી એપ્રિલે ભારતની નાગરિકતા મેળવી હતી. જોકે તે પહેલા ૧૯૮૦ની દિલ્હીના મતદારોની યાદીમાં તેમનું નામ હતું. જે બાદમાં ૧૯૮૨માં ડિલિટ કરવામાં આવ્યું. અરજીમાં સવાલ કરાયો છે કે શું મતદાર યાદીમાં કોઈ છેતરપિંડી કરાઈ હતી? શું ખોટા દસ્તાવેજો આપવામાં આવ્યા હતા? આજે જ સોનિયા ગાંધીનો ૭૯મો જન્મદિન પણ છે.

વડાપ્રધાન મોદીએ તેમને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને શુભકામનાઓ પાઠવી હતી.

### ગૌ પ્રેમીઓના પ્રયત્નથી

# બગસરામાં પાંજરાપોળનો પૂનઃ પ્રારંભ કરવામાં આવ્યો

### મોટી સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહ્યા





બગસરા, તા. ૯

બગસરામાં જૈન સમાજના સહયોગથી ઘણા વર્ષો પહેલા પાંજરાપોળ માટે જમીન અનામત રાખવામાં આવેલ હતી બગસરાના ગૌ સેવકો દ્વારા આ જમીન પર પાંજરાપોળ નો પુનઃ પ્રારંભ કરવામાં આવશે. જૈન સમાજ દ્વારા ગૌ સેવાના શ્રેયથી જુના સ્વામિનારાયણ મંદિરને ચલાવવા આપ્યું છે.

વિગત અનુસાર બગસરા શહેરમાં છેલ્લા ઘણા સમયથી ગૌ સવકો દ્વારા બીમાર અને નિરાધાર ગૌ વંશ માટે અનેક કાર્યો કરવામાં આવી રહ્યા છે. બગસરામાં જૈન સમાજ દ્વારા વર્ષો પૂર્વે પાંજરાપોળ માટે જમીન અનામત રાખી હતી. જેના પર ગૌ સેવાની પ્રવૃત્તિ પહેલા કરવામાં આવતી હતી. ધીમે ધીમે જૈન સમાજની વસ્તી બગસરામાંથી ઓછી થતા આ કાર્ય થંભી ગયું હતું પરંતુ સ્વામિનારાયણ સંપ્રદાયના વકતા વિવેક સ્વરૂપ સ્વામી પણ ગૌ વંશને બચાવવા માટે કથા વાંચન કરી લોકોને પ્રેરણા આપી રહ્યા છે. આ તમામ પ્રયત્નોને કારણે ગૌ સેવકોના સંકલ્પથી પાંજરાપોળનો પુનઃપ્રારંભ કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં બગસરા તથા આજુબાજુના વિસ્તારના અનેક મહાનુભાવો અને ગૌ પ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. આ તકે જૈન સમાજના પ્રમુખ ચંદુભાઈ રૂપડા તથા જૈન સમાજના લોકોની હાજરીમાં આ પાંજરાપોળ ગૌ માતાની પૂજા કરી પુનઃ શરૂ કરવામાં આવેલ.

# બાબરા શહેર અને તાલુકા ઠાકોર સમાજનો સ્નેહ મિલન સમારોહ યોજાયો





બાબરા, તા.૯

બાબરા ખાતે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાનાં પ્રદેશ પ્રમુખ અલ્પેશજી ઠાકોરનાં માર્ગદર્શન હેઠળ સમગ્ર સૌરાષ્ટ્રમાં એક જ દિવસે એક જ સમયે સ્નેહ મિલનનાં ભાગરૂપે બાબરા શહેર અને તાલુકાના ઠાકોર સમાજનો એક ભવ્ય સ્નેહ મિલન સમારોહનું આયોજન બાબરા ખાતે કરવામાં આવ્યું હતુ. આ ઈતિહાસીક શ્રેણીનાં આયોજનમા બાબરા શહેર અને તાલુકાના ઠાકોર સેનાનાં યુવાનો, આગેવાનો તેમજ ઠાકોર સમાજ ના યુવાનો, આગેવાનો હાજર રહ્યા હતા. આ સ્નેહ મિલનમાં ઠાકોર સમાજને સામાજિક, આર્થિક, શૈક્ષણીક, અને રાજકીય રીતે વધુ મજબૂત બનાવવા સંકલ્પ કર્યો હતો. કાર્યક્રમનાં મુખ્ય અતિથિ તરીકે અમરેલી જિલ્લા ઠાકોર સેના પ્રમુખ, મથુરજી ઠાકોર, અમરેલી જિલ્લા ઠાકોર સેના મહામંત્રી ખોડલભાઈ મકવાણા, બાબરા તાલુકાના પ્રમુખ લાલજી ઠાકોર, તેમજ નટુભાઈ જાસલીયા, સુરેશભાઈ ધાખડા, મુકેશભાઈ પીપળવા, એડવોકેટ રાજુભાઈ બારૈયા, મહેશભાઈ પંચાસરા, મનસુખભાઈ, જેઠાભાઈ, સંજયભાઈ, વિપુલભાઈ પીપળવા, સુરાભાઈ, પરસોતમભાઈ, સંજયભાઈ પિલુકીયા, ભાવેશભાઈ, દિનેશભાઈ, કિશોરભાઈ કીડીયા, દિલીપભાઈ તેમજ બાબરા શહેર અને તાલુકામાંથી બહોળી સંખ્યામાં યુવાનો આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતા.

આ સ્નેહમિલન એક સામાન્ય બેઠક નહિ પરંતુ ચુંવાળીયા ઠાકોર સમાજના એક નવા સવેરાનો પ્રારંભ થયો છે એવો સર્વોએ વિશ્વાસ વ્યકત કર્યો હતો.

### જિલ્લા પંચાયતના સદસ્ય પ્રભાતભાઈ કોઠીવાળ પહોંચ્યા

# બાબરા : જિન હાઉસ ખાતે આવેલ મગફળી ખરીદ કેન્દ્ર-રની મુલાકાતે આગેવાનો

### મંડળીના હોદ્દેદારો સાથે વાર્તાલાપ કર્યો





બાબરા, તા. ૯

બાબરામાં અમરેલી રોડપર આવેલ અમીધારા જીનહાઉસમાં રાજય સરકાર દ્વારા તાલુકા કૃષિસેવા સહકારી મંડળી ને ટેકાના ભાવે મગફળી ખરીદી કરવાનું બીજું સેન્ટર ફાળવવામાં આવ્યું છે ત્યારે બાબરા કૃષિ સેવા સહકારી મંડળી દ્વારા ખેડૂતોના હિત સારી રીતે ખરીદી કરવામાં આવી રહી છે તેમજ ખેડૂતો માટે ચા પાણી અને બેસવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

ત્યારે જિલ્લા પંચાયતના સભ્ય પ્રભાતભાઈ કોઠીવાળ દ્વારા અહીં મગફળીના ખરીદ કેન્દ્ર પર મુલાકાત કરવામાં આવી હતી. મંડળીના ચેરમેન યુવા અગ્રણી જગદીશભાઈ નાકરાણી ડાયરેક્ટર સહકારી અગ્રણી અજીતભાઈ ખોખરીયા મંડળીના ડાયરેક્ટર હરેશભાઈ આગજા અશોકભાઈ સાણંદિયા વિગેરે ને મળી સ્થળ પર રૂબરૂ ખેડૂતો સાથે પરામર્શ કરવામાં આવ્યો મંડળીના ઉત્સાહી ડાયરેકટરોની સતત હાજરી ખેડૂતોને પૂરતું માર્ગદર્શન છાંયો પાણીની સુંદર વ્યવસ્થા તેમજ ગ્રેડીગ વજન સમયસર કરી રોજના આશરે ૨૦૦ ખેડૂતોની મગફળીની ખરીદી ચુનંદા અને કુશળ સ્ટાફ ની કામગીરીથી થઈ રહી છે આ પ્રસંગે ખેડૂતો ઉકાભાઈ સતાણી પાનસડા મુકેશભાઈ ભાયાણી વાવડા તેમજ અન્ય ખેડૂતોના મંતવ્ય જાણ્યા ખેડૂતોએ સરકારશ્રીની ટેકાના ભાવે થતી ખરીદી તેમજ મંડળીના વ્યવસ્થાપકો નીકામગીરીનો સંતોષ વ્યક્ત કરેલ આમ સરકારશ્રીના ખેડૂતલક્ષી અભિગમ ને સાર્થક કરતા મંડળીના સંચાલકોને અભિનંદન પાઠવ્યા હતા અને બાબરા ને બીજું કેન્દ્ર ફાળવવા બદલ સરકારનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ૧૦ ડીસેમ્બર, ''વિશ્વ માનવ અધિકાર




અમરેલી, તા.૯

સમગ્રવિમાં ૧૦મી ડિસેમ્બરે ''વિ માનવ અધિકાર દિવસ''ની ઉજવણી કરવામાં આવે છે. દરેક માનવી પોતે મુળભુત રીતે જ જન્મની સાથે જે અધિકારો સાથે જન્મે છે અને જીવનપર્યત જે અધિકારોને કોઈપણ જાતની અડચણ વગર મુકત રીતે ભોગવી શકે તેવા તમામ અધિકારોને માનવ અધિકારો ગણી શકાય. સમગ્ર વૈીક ફલક પર જરા નજર કરીએ તો સવારે સૂર્યના ઉગવા અને આથમવાની અવિરત પ્રક્રિયાની જેમ માનવ અધિકારો હનનના બનાવો બન્યા જ કરે છે. જેનું મુખ્ય કારણ પોતાના જ અધિકારોની જાણકારીનો અભાવ અને અન્યના અધિકારોની અવગણના પણ છે.

સમગ્ર વિશ્વમાં માનવ અધિકારોના ખ્યાલનો વિકાસ અને ઉદભવ ૧૩મી સદીમાં ઈંગ્લેન્ડમાં બનાવાયેલ લેખીત દસ્તાવેજ 'મેગ્નાકાર્ટા'ને ગણી શકાય, પરંતુ પ્રથમ વિશ્વયુદ્ધની કટોકટીનાં કારણે તેને કાયદાનું સ્વરૂપ આપી નહોતું શકાયું. આ દસ્તાવેજમાં માનવીને માનવી હોવાના કારણે જે અધિકારો પ્રાપ્ત થાય છે તેવા તમામ અધિકારો 'મેગ્નાકાર્ટા' દસ્તાવેજથી ઈંગ્લેન્ડની પ્રજાને આપવામાં આવેલ હતા. ઈ.સ. ૧૯૪૫માં સમગ્ર વૈીક સ્તરે માનવીને માનવી તરીકે મળતા અધિકારો અંગે સૌપ્રથમ વખત ''માનવ અધિકાર'' શબ્દોનો પ્રયોગ કરવામાં આવેલો હતો. સમગ્ર વિમાં માનવ અધિકારોના રક્ષણ અર્થે યુનોએ સૌપ્રથમ વખત યુર્નિવર્સલ ડિકલેરેશન ઓફ હ્યુમન રાઈટસ નામનો દસ્તાવેજ બનાવવામાં આવેલો હતો. આ ઘોષણા પત્રમાં જણાવ્યું કે તમામ માનવીઓ તેમના અધિકારો અને ગૌરવ બાબતમાં જન્મથી સમાન છે અને તમામને કોઈપણ જાત કાળા ગોરા (રંગ), વર્ણ, જાતી (સ્ત્રી પુરૂષ), ભાષા, ધર્મ, રાજકીય કે અન્ય વિચારો, રાષ્ટ્રીયક કે સામાજીક મુળ (વતન), મિલકત, જન્મ કે અન્ય કોઈ હોદાના તફાવતો વિના તમામ અધિકારો અને સ્વાતંત્રતાઓ પ્રાપ્ત થાય છે. સંયુકત રાષ્ટ્રસંઘની મહાસભાએ (યુ.એન.) તા. ૧૦ ડિસેમ્બર ૧૯૪૮ના રોજ એક ઘોષણા પત્રમાં માનવ અધિકારો જાહેર કર્યા અને તેને સંયુકત રાષ્ટ્રની સામાન્ય સભામાં બહાલી આપવામાં આવી. તેથી સને. ૧૯૪૮થી દર વર્ષે ૧૦મી ડિસેમ્બરને ''માનવહકદિન'' તરીકે ઉજવવામાં આવે છે. ભારતદેશનું બંધારણ પણ આપણને કેટલાક મૂળભૂત અધિકારો આપે છે જેમાં સમાનતાનો હક, સ્વતંત્રતાનો હક, શોષણ સામેનો હક, ધાર્મિક સ્વાતંત્રતાનો હક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક હકો, બંધારણીય ઈલાજોનો હક શામેલ છે. આ માનવ અધિકારો મનુષ્યનું મનુષ્ય તરીકેનું ગૌરવ જાળવી રાખવાના શુધ્ધ હેતુથી ઘોષિત કરાયા છે. મનુષ્યનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે તેની ન્યૂનતમ અને પાયાની જરૂરિયાતો જેવી કે રોટી, કપડાં, મકાન, શિક્ષણ અને આરોગ્ય તેને ગૌરવપૂર્વક અને સન્માનજનક સ્થિતિમાં પ્રાપ્ત થઈ શકે. ઉપરાંત તે સર્વાગી વિકાસ સાધી શકે અને માણસને સામાજિક વાતાવરણ મળી રહે એનો રાજયએ સ્વીકાર કરીને તેના રક્ષણની બાહેંધરી આપવામાં આવી છે. આવા પાયાના મૂળભૂત માનવ અધિકારોએ લોકશાહી શાસનપ્રથાની પાયાની ઓળખ છે.

**– મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# ખડસલી મુકામે વિદ્યાર્થીઓ માટે થેલેસેમિયા ટેસ્ટ કેમ્પ યોજાયો





સાવરકુંડલા, તા.૯

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી સાવરકુંડલા તાલુકા બ્રાંચ દ્વારા ખડસલી મુકામે વિદ્યાર્થીઓ માટે થેલેસેમિયા ટેસ્ટ કેમ્પ યોજાયો.

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી સાવરકુંડલા તાલુકા બ્રાંચ દ્વારા સાવરકુંડલા તાલુકાના ખડસલી મુકામે માતૃશ્રી વિમળાબેન ચંપકલાલ ખેતાણી પરિવાર (હાલ મુંબઈ)ના આર્થિક સહયોગથી વિદ્યાર્થીઓ માટે થેલેસેમિયા ટેસ્ટ કેમ્પ યોજાયો હતો.

માતુશ્રી વિમળાબેન ચંપકલાલ ખેતાણી પરિવાર (હાલ મુંબઈ) સતત પાંચમા વર્ષે પણ આ કેમ્પના લાભાર્થી બનેલ.

આ કેમ્પમાં ખડસલી મુકામે આવેલ વેટરનરી કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં લાભ લીધો હતો. આ પ્રસંગે ડો. વડેરા, ડો.પીપળીયા, ડો.રાજપુરા અષ્ટકાંતભાઈ સૂચક વગેરે મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં કેમ્પને સફળ બનાવવા માટે સાવરકુંડલા રેડ ક્રોસ બ્રાંચના સેક્રેટરી મેહુલભાઈ વ્યાસ અને ઈલાબેન વાઢેર દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

# અમરેલી ખાતે લાયન્સ કલબ દ્વારા પ્રમુખ બકુલભાઈની પૌત્રીનો જન્મદિન ઉજવાયો



અમરેલી, તા. ૯

લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈનના માધ્યમથી મહિલા વિકાસ ગૃહ ખાતે પ્રમુખ બકુલભાઈના સહયોગથી આ પ્રસંગે મહિલા વિકાસ ગૃહની સિત્તેર બહેનોને સુંદર ભોજન કરાવેલ. આ કાર્ય લાયન્સ કલબના ડુંગર પ્રોજેકટ અંતર્ગત યોજાયેલ જે પ્રેરણારૂપ અને પ્રશંસનીય હતું. આ તકે પ્રમુખ બકુલભાઈ ભટ્ટ, કાંતિલાલ વઘાસીયા, રાજુભાઈ પરિખ, સેક્રેટરી રજની ધોરાજીયા, ગોરધનભાઈ માદલીયા, જયસુખભાઈ ઢોલરીયા, દલસુખભાઈ રામોલીય, હરેશભાઈ ધોરાજીયા તથા સહયોગીના કુટુંબીજનો હાજર રહ્યા હતા. તેમ કલબની યાદીમાં જણાવાયુ છે.

### અનુ.જાતિ સમાજમાં જવલંત દાખલો બેસાડયો

# અમરેલી : વરૂડીના દલિત અગ્રણીએ ઘરની પુત્રવધુને દીકરી બનાવી પુનઃલગ્ન કરાવ્યા

### શાંતિલાલ રાણવાએ નાનાભાઈનું અવસાન થતા તેમનાં પત્નિને દીકરી બનાવી લગ્ન કરાવ્યા





અમરેલી, તા.૯

અમરેલી તાલુકાના વરૂડી ગામે પૂર્વ સ્વ. ધારાસભ્ય મગનભાઈ રાણવાના નાના પુત્ર વિજયનું ૨૦૨૩ માં એટેકથી અવસાન થયેલું. મોટા પુત્રો શાંતિલાલ, જીતુભાઈ બે વર્ષથી પોતાના નાનાભાઈના પત્નિ ફકત ૨૭ વર્ષે જ વિધવા થતાં સતત મુશ્કેલી વચ્ચે તે બેન સેજલને પોતાની દિકરી બનાવીને ડેરી પીપરીયા ગામે એક સારૂં ઠેકાણું, પસંદ કરીને, નોકરી, ખેતીવાડી કરતા વિપુલભાઈ ભનુભાઈ ચાવડા સાથે તા.૭/૧૨/૨૦૨૫ ના રોજ શાંતિલાલ રાણવાનાં આંગણામાં માંડવો નાખીને બૌદ્ધ વિધીથી પુનઃલગ્ન કરીને અનુ.જાતિ સમાજમાં આખા ગુજરાત ભરમાં પ્રથમ દાખલો બેસાડીને સમાજને નવી રાહ ચીંધી છે. શાંતિભાઈ તથા તેમના ધર્મપત્ની લીલાબેન, જીતુભાઈ અને ગીતાબેને કન્યાદાન કર્યુ હતું. મંડપમાં બહુજન મહાનુભાવો રામાસ્વામી પેરીયાર, જયોતિબા ફુલે, સાવિત્રીબા ફુલે, રમાબાઈ આંબેડકર, ડો.બાબા સાહેબ આંબેડકર, સંત કબીર, ફાતિમાં શેખ, માન્યવર કાંશીરામજીના બેનરો સાથે તથા ભગવાન બુદ્ધના સાંનિધ્યમાં તથા સ્વ ધારાસભ્ય મગનભાઈ રાણવા, સ્વ. હરિભાઈ રાણવાના તૈલિચીત્રો વચ્ચે લગ્નવિધી સંપન્ન કરવામાં આવી હતી.

આ પ્રસંગે બૌદ્ધ ઉપાસક જાણીતા દલિત આગેવાન, સાહિત્યકાર, પત્રકાર એવા ગોવિંદભાઈ ધાધલ દ્વારા બૌદ્ધવિધીથી લગ્નવિધી કરવામાં આવી હતી. આ પ્રસંગે નવદંપતિને આશિર્વાદ જિલ્લાના પુર્વ સાંસદ, પુર્વ ધારાસભ્ય, કોંગ્રેસના વરિષ્ઠ આગેવાન વિરજીભાઈ ઠુંમર, નરેશભાઈ અધ્યારૂ, એડવોકેટ રફીકભાઈ મોગલ, ભરતભાઈ ચૌહાણ, નારણભાઈ પાતળીયા, વિજયેન્દ્ર બોરીચાએ વર્તમાન સમયમાં અંધશ્રધ્ધા દુર કરીને શિક્ષણનો વ્યાપ વધે તેમજ સમાજમાં આવા ક્રાંતિકારી પગલા લઈ દરેકને જીવવાનો સમાન હક્ક આપવા પ્રયત્નશીલ રહેવા હાંકલ કરી હતી. નવવધુ સેજલબેન સાથે તેમના ૯ વર્ષના પુત્ર વંશને પણ સાથે જ મોકલેલ છે. સામે લોકોએ સ્વીકારીને તમામ જવાબદારી ઉપાડવાની ખાત્રી આપી છે. લગ્નવિધિના અંતમાં ભગવાન બુદ્ધની વ્યસન મુકત થવાની પ્રતિજ્ઞા વરરજા વિપુલભાઈએ લીધી હતી. સમય લગ્નવિધીને તમામ સગા વ્હાલા મિત્રો, શુભેચ્છા સાથે તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી. ભીમવંદના સાથે પ્રવિણભાઈ ગોહિલે આભારવિધી કરી હતી. અંતમાં સ્વરૂચિ ભોજન લઈ દિકરી ચિ.સેજલને નવા સાસરીયે વળાવી હતી. તેમ અંતમાં શાંતિલાલ રાણવાની યાદી જણાવે છે.

### અંબુજા ફાઉન્ડેશન દ્વારા ખેડૂતોના હિત

# દેવભૂમી દેવળીયા ખાતે ખાતર, દવા, અંગે વિસ્તૃત માહિતી અપાઈ

### મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહયા



અમરેલી, તા.૯

દેવભૂમિ દેવળીયા ગામ પંચાયત કચેરી ખાતે અંબુજા ફાઉન્ડેશન ધ્વારા ખેડૂતોને ખેતી પાકોને અપાતા ખાતર દવા અંગે અંબુજા ફાઉન્ડેશન કર્મચારી કુ કિરણબેન મકવાણા ધ્વારા વિસ્તૃત માહિતી આપી હતી તેમજ ફાઉન્ડેશન ધ્વારા ખેડૂતોને કુવા રિચાર્જ, કપાસના થ્રેડર ચલાવવા અને મજુરોને રોજગારી મળી રહે તે માટે તાલીમ કાર્યક્રમ પ્રવાસ વિગેરે તમામ પ્રકારની ઉપયોગી જાણકારી આપી હતી. તેમજ ડ્રીપ ઈરીગેશન સહાય વિગેરે તમામ માહિતી આપી હતી તેમજ ખેડૂતને નાસ્તો પાણી કરાવ્યા હતા. દેવભૂમિ દેવળીયા ગામ મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

### રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે નવા બિલ્ડીંગ નિર્માણનું ખાતમુહૂર્ત

# વડિયા : હનુમાન ખીજડીયામાં સરકારી આયુર્વેદ દવાખાનાનું નવું બિલ્ડીંગ તૈયાર થશે

### વડિયા તાલુકામાં પ્રથમ સરકારી કોલેજ વિદ્યાર્થીઓ માટે ઉજજવળ ભવિષ્યના દ્વાર ખોલશે





અમરેલી, તા. ૯

રાજયના ઉર્જા, કાયદો અને ન્યાય, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજયમંત્રી અને અમરેલી, વડિયા, કુંકાવાવના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ રવિવારે વડિયા તાલુકાના હનુમાન ખીજડીયા મુકામે સરકારી આયુર્વેદિક દવાખાનાના નવા બિલ્ડીંગનું ખાતમુહૂર્ત કર્યુ હતું.

આ પ્રસંગે શાળામાં યોજાયેલા અભિવાદન સમારંભને સંબોધતા રાજયમંત્રીએ જણાવ્યું હતું કે, રાજય સરકાર અમરેલી જિલ્લામાં મોટા પ્રમાણમાં વિકાસકાર્યો આપી રહી છે. વડિયા તાલુકામાં લાંબા સમયથી આયુર્વેદિક દવાખાનાના નવા બિલ્ડીંગની માંગ હતી તે પણ પૂર્ણ કરવામાં આવી રહી છે. વડિયા–કુંકાવાવ તાલુકો પણ જિલ્લાની સાથે વિકાસની હરણફાળ ભરી રહ્યો છે. મુખ્યમંત્રીએ વડિયા તાલુકાની પ્રથમ સરકારી કોલેજ મંજૂર કરી અને તે શરૂ થઈ જતા આસપાસના વિસ્તારના વિદ્યાર્થીઓને અભ્યાસ માટે દૂર જવું પડતું નથી, તેના લીધે વિદ્યાર્થીઓને ફાયદો થશે.

તેમણે વધુમાં જણાવ્યું કે રાજય સરકારના હૈયે ખેડૂતોનું હીત રહેલું છે તેથી જ મુશ્કેલીના સમયમાં તાત્કાલિક રૂ. ૧૦,૦૦૦ કરોડનું કૃષિ રાહત પેકેજ અને રૂ. ૧૫,૦૦૦ કરોડની ટેકાના ભાવે ખરીદીની જાહેરાત કરી ખેડૂતોને મુશ્કેલીમાંથી બહાર લાવવાનો પ્રયાસ કર્યો છે. આ કાર્યક્રમના પ્રારંભ અગ્રણી અતુલભાઈ કાનાણીએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. આ પ્રસંગે તાલુકા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ, ગામના સરપંચ તેમજ અધિકારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીની દીકરી ઋતુ સાકાર કરી રહી છે સપનું : ટીમ ઈન્ડિયામાં રમવાનાં સંકલ્પ સાથે સતત મહેનત











અમરેલી જિલ્લાના ખેલ જગતમાં છેલ્લા થોડા સમયથી નવા તારલાઓ ઉભા થઈ રહ્યા છે. ખાસ કરીને છોકરીઓમાં ક્રિકેટ પ્રત્યેનો વધતો ઝોખ અને તેઓ દ્વારા પ્રાપ્ત થતી સિદ્ધિઓ અમરેલીનું નામ સમગ્ર રાજયમાં ઉજાગર કરી રહી છે. અમરેલી શહેરની પ્રતિભાશાળી ક્રિકેટર સાવલિયા ઋતુ એ પણ હવે પોતાનું નામ એવી જ યાદીમાં ઉમેર્યુ છે. માત્ર ધોરણ ૧૦ સુધી અભ્યાસ કર્યા બાદ પણ ક્રિકેટને જ જીવનનું લક્ષ્ય બનાવી, છેલ્લા ત્રણ વર્ષથી તે સતત પ્રેક્ટિસ દ્વારા પોતાનું સ્વપ્ન સાકાર કરવાની દિશામાં આગળ વધી રહી છે. ઋતુ જણાવે છે કે રોજ ૩ થી ૪ કલાક અમરેલી શહેરમાં આવેલી સમરથ એકેડમીમાં તે શિસ્તબદ્ધ રીતે પ્રેક્ટિસ કરે છે. કોચ મયુર ગોરખિયા તેનું માર્ગદર્શન કરે છે અને તેની પ્રતિભાને ધારાળ બનાવવાની સતત મહેનત કરે છે. કોચિંગની આ નિયમિતતા અને ઋતુનો સમર્પણ તેના પ્રદર્શનમાંથી સ્પષ્ટ દેખાઈ આવે છે. સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન હેઠળ રાજકોટમાં સૌરાષ્ટ્રની અન્ડર–૧૯ ટીમમાંથી ટી–૨૦ મેચ રમવાની તક ઋતુએ મેળવી હતી, જેમાં તેણે ઉત્તમ પ્રદર્શન કરીને સૌનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું હતું. માત્ર એટલું જ નહીં, ઉન્ડર–૧૯ ગુજરાત ટીમ તરફથી રાજસ્થાનમાં યોજાયેલી ટૂર્નામેન્ટમાં પણ તેણે નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. આ બંને તકોએ તેની કારકિર્દીને નવી દિશામાં આગળ ધપાવી છે અને હવે તે વધુ પડકારો માટે આતુર છે. ભારત તરફથી રમવાનું ઋતુનું મોટું સ્વપ્ન છે અને તે દિશામાં તે પૂરજોશ સાથે પ્રયાસ કરી રહી છે. હાલ તેના માટે કોઈ ખાસ ડાયટ પ્લાન નથી, પરંતુ સામાન્ય અને સારો આહાર જ તે લઈ રહી છે. ભવિષ્યમાં રમતની જરૂરીયાત મુજબ યોગ્ય ડાયટ પ્લાન અપનાવવાની તેની તૈયારી પણ છે. એક સામાન્ય પરિવેશમાંથી આવતી અને મજબૂત ઈચ્છાશકિતના બળે આગળ વધતી ઋતુ જેવી યુવા ક્રિકેટરો અમરેલી જિલ્લામાં પ્રેરણાનું કેન્દ્ર બની રહ્યા છે. સમરથ એકેડમીનું માર્ગદર્શન અને પરિવારનો સહકાર મળતો રહે તો ઋતુનું ટીમ ઈન્ડિયામાં રમવાનું સ્વપ્ન ખૂબ દૂર નથી. સતત મહેનત, શિસ્ત અને અભ્યાસ દ્વારા ઋતુ ચોક્કસ જ આગામી સમયમાં રાષ્ટ્રીય સ્તરે અમરેલીનું નામ રોશન કરશે એવો વિાસ તેના કોચથી લઈને સમગ્ર શહેરને છે.

## દામનગર ખાતે નવનિયુક્ત ચીફ ઓફિસરનું સ્વાગત થયું



દામનગર, તા. ૯

દામનગર નગરપાલિકા ખાતે નવ નિયુક્ત ચીફ ઓફિસરનું દામનગર શહેર પત્રકાર સંઘ દ્વારા વિશિષ્ટ સન્માન કરાયું હતું સરકારી કચેરીઓમા અનેક ફરજો બજાવી ચૂકેલ વહીવટી તંત્રમાં નાયબ મામલતદાર તાલુકા મામલતદાર સહિત પાલીતાણા ઈનચાર્જ પ્રાંત અધિકારી સુધીની ફરજ દરમ્યાન ખૂબ ફિલ્ડ વર્ક અને ચીવટ સાથે નાના માં નાની વ્યક્તિઓ પણ સહેલાઈથી મળી શકે તેવા અધિકારીને દામનગર ચીફ ઓફિસર પદે નિયુક્તિ થતા અનેક સામાજિક સ્વૈચ્છિક સંસ્થાન દ્વારા સન્માન સત્કાર કરાયો હતો આજે દામનગર નગરપાલિકા ખાતે શહેર પત્રકાર સંઘના હોદેદારો એ નવનિયુક્ત ચીફ ઓફિસર વી.જે.ડેરનું સન્માન કરી શુભેચ્છા પાઠવી હતી.

પાના ૧ ઉપરનું ચાલું

### ચિતલ રોડ ઉપર ધુળનો વરસાદ

સોસાયટીનાં કોર્નરથી સરદાર સર્કલ સુધીનો એક બાજુનો માર્ગ બની ગયો તો ખુલ્લી ગટરને ઢાંકવાને બદલે પથ્થરની સુરક્ષા ઉભી કરવાનો હિન પ્રયાસ કરવામાં આવ્યો છે. તો માર્ગમાં ધુળની ચાદર ફેલાયેલી હોય તે દૂર કરાતી નથી.

જો કોઈ મોટુ વાહન પસાર થાય અને પાછળથી કોઈ ટુ–વ્હીલર ચાલક પસાર થાય તો તેની હાલત ખરાબ થઈ જાય. ઉડતી ધુળનાં લીધે શહેરીજનોને શ્વાસની બીમારી પણ થઈ શકે તેવી ગંભીર પરિસ્થિતિ હોવા છતાં માર્ગ–મકાનવિભાગનાં અધિકારીઓને કોઈ ચિંતા થતી નથી અને જનપ્રતિનિધિઓને પણ જનતાની સમસ્યા ધ્યાને આવતી નથી અને શહેરીજનો તોબા પોકારી ગયા છે.

**સ્ટ્રીંગ ઓપરેશન દ્વારા વહીવટદારો દ્વારા કરોડો રૂપિયાનાં ઉઘરાણાનો પર્દાફાશ**

## અમદાવાદમાં દર મહિને રીક્ષાદીઠ રૂપિયા ૧ હજારનો હપ્તો અને વાર્ષિક ૧૨ હજાર ગે.કા. રીતે ચુકવવામાં આવે છે

**હપ્તો આપનાર રીક્ષાની અંદર વિશિષ્ટ પ્રકારનું સ્ટીકર લગાવાય છે : કોંગ્રેસ**

અમરેલી, તા. ૯

રાજીવ ગાંધી ભવન અમદાવાદ ખાતે પ્રેસ વાર્તાને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રવકતા હેમાંગ રાવલે જણાવ્યું હતું. મે તાજેતરમાં એક સ્પ્રિગ ઓપરેશન કર્યુ હતું. જેમાં રિક્ષાવાળા ભાઈ જોડે સંવાદ કર્યો હતો. તેનો સંપૂર્ણ વિડીયો મારી પાસે છે, પરંતુ સૈધ્ધાંતિક રીતે તે વિડીયો હું રજુ તો કરૂ છું પણ તેમાં રિક્ષાવાળા ભાઈનો ફેસ બ્લર કરી દેવામાં આવેલ છે.

વધુમાં જણાવ્યું હતું કે રિક્ષાવાળા ભાઈએ સ્પષ્ટ રીતે સ્વીકાર્યુ હતું કે પોલીસ વહીવટદાર દ્વારા દર મહિને રીક્ષાનો રૂા.૧,૦૦૦ નો હપ્તો લઈ રહી છે અને વાર્ષિક રૂા.૧૨,૦૦૦ ગેરકાયદેસર રીતે ચૂકવવામાં આવે છે કારણકે અમદાવાદની અંદર શટલ રીક્ષા ચલાવવાની પરમિશન નથી. અમદાવાદની અંદર કુલ ત્રણ લાખ રીક્ષાઓમાંથી દોઢ લાખ જેટલી રીક્ષા જો શટલ તરીકે ચાલે છે તે મુજબ માત્ર અમદાવાદમાં જ પોલીસ વહીવટદારના માધ્યમથી ૧૮૦ કરોડ રૂપિયાથી વધારે હપ્તાની ઉઘરાણી થાય છે.

હપ્તો આપનાર રીક્ષામાં વિશિષ્ટ પ્રકારનું સ્ટીકર લગાવવામાં આવે છે, જે હપ્તો ભર્યાનું પ્રમાણ ગણાય છે અને એવી રીક્ષાઓને પોઈન્ટ પર રોકાતી નથી. દર મહિને સ્ટીકરની ડિઝાઈન બદલાય છે અને દિવાળી સમયે ખાસ દીવો સ્વરૂપનું સ્ટીકર લગાડવામાં આવે છે.

હેમાંગ રાવલે જણાવ્યું હતું કે જો માત્ર અમદાવાદના વ્યવહારનો અંદાજ ૧૮૦ કરોડ રૂપિયા વાર્ષિક થાય છે તો સમગ્ર ગુજરાતમાં આ ભ્રષ્ટાચારી કૌભાંડ ૧૦૦૦ કરોડ રૂપિયાથી વધુનું હોવાને ઈનકાર કરી શકાય તેમ નથી. એ નિર્વિવાદ છે કે અમદાવાદના રીલીફ રોડ, રતનપોળ, ગાંધીરોડ, કાળુપુર, સ્ટેશન જેવી જગ્યાએ ટેકસીઓ જવાની ના પાડે છે ત્યારે શેરીંગ રીક્ષા વડે જ સામાન્ય જનતાનું આવાગમન (ટ્રાન્સપોર્ટેશન) સંભવ બને છે.

જો આરટીઓના નિયમ મુજબ પેસેન્જર બેસાડવામાં આવે તો રિક્ષામાં પોલીસે (શટલ) શેરિંગ પેસેન્જર તરીકે બેસાડવાની મંજૂરી આપવી જોઈએ જેથી ગરીબ રીક્ષા વાળાઓ પાસેથી હપ્તા ઉઘરાવતું નેટવર્ક તૂટી પડે અને પેસેન્જરોને પણ લાભ મળે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ સરકાર પાસે માંગણી કરે છે કે, ઉપરોક્ત સ્ટીકર આધારિત હપ્તા ઉઘરાણીના મુદ્દે તાત્કાલિક અને ગંભીર તપાસ કરવામાં આવે., જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં લેવામાં આવે., ગરીબ રિક્ષાચાલકોને તેમના જીવન નિર્વાહ માટે શેરિંગ પેસેન્જર લઈને ચાલવાની કાયદેસર છૂટ આપવામાં આવે.

પાના ૮ ઉપરનું ચાલું

### સાસરીયાઓએ ત્રાસ ગુજાર્યો

પતિએ કહેલ કે તારી બહેને પ્રેમલગ્ન કરેલ છે તેમ સંભળાવતા હોય. જેથી પરિણીતાએ તેની બહેનની વાત કરવાની ના પાડતા પતિએ જેમ ફાવે તેમ ગાળો આપી શરીરે મુંઢ માર મારેલ તેમજ આરોપી દીયર શાંતીભાઈ રામજીભાઈ બગડા, નણંદ જયાબેન કાંતીભાઈ જાદવ રે. ચાંદગઢ તથા નણંદનો દીકરો મીલનભાઈ કાંતીભાઈ જાદવ રે. ચાંદગઢએ પણ પરિણીતાને જેમ ફાવે તેમ ગાળો આપી માર મારવા દોડી જાનથી મારી નાખવાની ધમકી આપી શારીરિક–માનસિક દુઃખ ત્રાસ આપી એકબીજાને મદદગારી કર્યા અંગેની પાંચ સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું

### લીલીયા મોટા ખાતે ચાલતી ભૂગર્ભ ગટર

હોવાની અનેક ફરિયાદો ઉઠતા આજે સવારના સમયે ડી.ડી.ઓ. પરિમલ પંડયા લીલીયા ખાતે ભૂગર્ભ ગટર કામગીરીની સરપ્રાઈઝ વિઝીટ કરવા દોડી આવ્યા હતા. પટેલનગર વિસ્તારમાં ચાલતી ભૂગર્ભ ગટરની કામગીરીનું નિરીક્ષણ કરતા કામગીરી નબળી થતી હોવાનું પણ જોવા મળતા કોન્ટ્રાકટરના સુપરવાઈઝરનો ઉધડો લીધો હતો. આ તકે જવાબદાર સરકારી સુપરવાઈઝર કે કર્મચારીઓ કામગીરી સ્થળે જોવા મળેલ ન હતા. આ તકે ટી.ડી.ઓ. કિશોર આચાર્ય સહિતના કર્મચારીઓ સાથે જોવા મળ્યા હતા.

પાના ૧ ઉપરનું ચાલું

### રાજુલાનાં વડનગરનાં વેપારીએ

આરોપીઓએ સાયબર ફ્રોડના કુલ રૂપિયા ૬૧,૯૩,૧૯૩ સગેવગે કરવા માટે થઈ ખોડલ ઈલેકટ્રીકલ્સના નામે પ્રોપરાઈટર આરોપી દિલીપભાઈ મહીડાના નામે રાજુલા બેંક ઓફ બરોડામાં ચાલતા કરંટ બેંક એકાઉન્ટનો ઉપયોગ કરી આ ખાતામાં સાયબર ફ્રોડના રૂપિયા જમા થતાં હોવાનું જાણવા છતાં આરોપી દિલીપભાઈ મહીડાએ પોતાના આર્થિક ફાયદા સારૂ પોતાના ખોડલ ઈલેકટ્રીકલ્સ નામથી ચાલતા બેંકના ખાતામાં ગત તા. ૧/૧૦/૨૫ થી તા. ૭/૧૦/૨૫ સુધીમાં સાયબર ફ્રોડના રૂપિયા જમા કરાવી પોતે ઓપરેટ કરતા બેંક ખાતામાં મેળવી લઈ સદર ખાતામાંથી RTGC, NEFT, IMPS મારફતે તે રકમ વીડ્રોલ કરી કરાવી કુલ રૂપિયા ૬૧,૯૩,૧૯૩ સગેવગે કરવા અંગેની ત્રણેય આરોપી સામે રાજુલા પોલીસ સ્ટેશનમાં એએસઆઈ તરીકે ફરજ બજાવતાં ભરતભાઈ મુહાભાઈ વાળાએ નોંધાવી છે.

## અવસાન નોંધ

**અમરેલી** : (સોનારીયાવાળા ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રાહ્મણ સોનારીયાના વતની હાલ અમરેલી રહેના સ્વ. નિલેષભાઈ હસમુખભાઈ જોષી (ઉ.વ.૫૦) તે કનુભાઈના ભત્રીજા તથા કેતનભાઈ અને અતુલભાઈના મોટાભાઈ તથા જયમી અને ધ્રુવના પિતા તેમજ સોહમ અને જતસ્થના મોટા બાપુજીનું તા.૭/૧૨/૨૦૨૫ના રોજ અમરેલી મુકામે દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૧૧/૧૨/૨૦૨૫ને ગુરૂવારે બપોરે ૪ થી ૬ એન્જલ –૪ બ્લોક નં.૧૧૯, સંકુલ ગેઈટ– ૪ ની સામે "શ્રી બ્રિભ્યમ" ચકકરગઢ રોડ, અમરેલી મુકામે રાખેલ છે. તેમજ તા.૧૨/૧૨/૨૦૨૫ ને શુક્રવારે સોનારીયા મુકામે બપોરે ૪ થી ૬ કનુભાઈ મોહનભાઈ જોષીના નિવાસ સ્થાને રાખેલ છે.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૯૦ |
| ૨ | ઘઉં લોકવન | ૩૧૦ | ૫૧૪ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૪૧ |
| ૪ | અડદ | ૬૨૦ | ૯૦૦ |
| ૫ | ચણા | ૬૩૫ | ૧૦૩૦ |
| ૬ | ધાણા | ૧૫૨૦ | ૨૦૦૧ |
| ૭ | મગ | ૧૦૦૦ | ૧૨૨૦ |
| ૮ | મકાઈ | ૪૦૧ | ૪૦૧ |
| ૯ | મેથી | ૮૬૫ | ૯૨૫ |
| ૧૦ | સોયાબીન | ૫૦૦ | ૮૫૩ |
| ૧૧ | લસણ | ૩૫૪ | ૫૮૦ |
| ૧૨ | મગફળી | ૫૦૫ | ૧૦૧૪ |
| ૧૩ | જુવાર | ૩૦૦ | ૩૬૫ |
| ૧૪ | શીંગફાડા | ૧૧૦૦ | ૧૨૫૦ |
| ૧૫ | એરંડી | ૧૧૮૦ | ૧૧૮૦ |
| ૧૬ | ચણા છોલે | ૯૧૦ | ૧૩૮૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૨૬૧ | ૧૪૭૫ |
| ૨ | કપાસ કોડી | ૯૦૧ | ૧૧૪૧ |
| ૩ | મગફળી | ૧૦૦૦ | ૧૨૫૧ |
| ૪ | ઘઉં | ૪૮૦ | ૫૨૫ |
| ૫ | ચણા | ૮૨૬ | ૧૦૪૧ |
| ૬ | અડદ | ૯૦૧ | ૧૦૦૦ |
| ૭ | એરંડા | ૧૦૫૧ | ૧૦૫૧ |
| ૮ | ધાણા | ૧૨૧૦ | ૧૭૩૦ |
| ૯ | જુવાર | ૬૭૫ | ૬૭૫ |
| ૧૦ | શીંગદાણા | ૧૨૨૫ | ૧૨૨૫ |
| ૧૧ | બાજરો | ૩૨૦ | ૩૫૫ |
| ૧૨ | સોયાબીન | ૭૮૭ | ૮૨૬ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૭ | ૧૫૪૦ |

## જાહેર નોટિસ

**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ વડીયાની કોર્ટમાં //**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૭૭/૨૦૨૫

**અરજદારશ્રી :** ૧) શ્રી પ્રવિણભાઈ રામજીભાઈ ઝાલા, રહે. મોટી કુંકાવાવ, ઠે. ઘનશ્યામ નગર, તા. વડિયા, જિ. અમરેલી મો. ૮૪૦૧૪ ૧૧૩૯૪

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** ૧. તલાટી કમ મંત્રીશ્રી મોટી કુંકાવાવ, તા. વડીયા જિ. અમરેલી

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી પ્રવિણભાઈ રામજીભાઈ ઝાલાએ તેમના **માતાશ્રી મંજુલાબેન રામજીભાઈ ઝાલાનુ અવસાન તા. ૦૫/૧૦/૧૯૮૯ના રોજ મુ. મોટી કુંકાવાવ, તા. વડીયા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી વડીયા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૦૫/૧૨/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિક્કો

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ**
**વડીયા**

## :: જાહેર નોટિસ ::

લાઠી તાલુકાના ચાવંડ ગામના ખેડુત ખાતા નંબર **૧૪૪૭,** અને રેવન્યુ સર્વે નંબર **૩૩૯/૧** ની કુલ હેકટર આરે **૦–૯૫–૧૦** ચોરસ મીટર ખેતીની જમીનની મિલકત સંબંધે **જાહેર નોટિસ**

(૧) આથી અમો નીચે સહી કરનાર વિનુભાઈ બી. મકવાણા, એડવોકેટ, રહે. બાબરાના અસીલશ્રી સુરેશભાઈ આણંદભાઈ કોટડીયાની સુચનાથી નોટિસ આપી જાહેર જનતા જોગ તાકીદ કરીએ છીએ કે, (૨) અમારા અસીલ લાઠી તાલુકાના અડતાળા ગામના ખેડુત ખાતેદાર વિસાભાઈ ભીખુભાઈ વાઢીયાની માલિકીની ખેડુત ખાતા નંબર **૧૪૪૭,** અને રેવન્યુ સર્વે નંબર **૩૩૯/૧** ની કુલ હેકટર આરે **૦–૯૫–૧૦** ચોરસ મીટર ખેતીની જમીન અવેજની રકમ રૂપિયા **૭,૦૦,૦૦૦/–** માં વેચાણ રાખવા સાટું કરેલું છે. જે અંગે દિન–૦૭ (સાત)માં રજીસ્ટર વેચાણ દસ્તાવેજ લાઠી સબ રજીસ્ટ્રારમાં નોંધણી કરાવવાની હોય. (૩) તો ઉપરોકત મિલકતમાં કોઈ ઈસમ/વ્યકિત કે કોઈ નાણાંકીય સંસ્થા સરકારી, સહકારી, કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હકક–હિત સમાયેલ હોય કે ઉપરોકત મિલકત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ–ભાગ, હકક, હિસ્સો હોય તો આ બાબતે જાહેર જનતાને જણાવવાનું કે, ઉપરોકત મિલકતની માલિકી બાબતેના ટાઈટલ બાબતે કે સદર મિલકત બાબતે કોઈને પણ કોઈ પણ પ્રકારનો હકક–હિત સંબંધ હોય તો તેવા હકક–હિત–સંબંધ અમારી પાસે દિન–૦૭ (સાત)ની અંદર અમારા નીચે જણાવેલ સરનામે રજુ કરશો. આ ઉપરાંત આ ઉપરોકત મિલકત સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈપણ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈપણ જગ્યાએ વાદ–વિવાદ ચાલતા હોય કે ચાલેલ હોય તો તેવા વાદ–વિવાદના પક્ષકાર કે પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટિસની તારીખથી દિન–૦૭ (સાત)માં અમારો નીચેના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહીં કરવામાં આવે તો આ ઉપરોકત મિલકત ટાઈટલ કલીયર અને ચોખ્ખી છે તેવું માની લેવામાં આવશે અને માનવાને કારણ રહેશે, ત્યારબાદ આ ઉપરોકત મિલકતનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કર્યા બાદ કોઈપણનો વાંધો વચકો ચાલશે નહીં જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તે અમારા અસીલની સુચના અનુસાર (સુરેશભાઈ આણંદભાઈ કોટડીયા)

**વિનુભાઈ બી. મકવાણા,**
**એડવોકેટ એન્ડ નોટરી** મો.નં.: ૯૮૯૮૯ ૪૦૬૯૯
**મામલતદાર ઓફીસની સામે, બાબરા જિ. અમરેલી**

## તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૬૦/૨૦૨૫ તા. ૦૩/૧૨/૨૦૨૫

**વિવાદી : શ્રી હુસેનભાઈ અલારખભાઈ ડેરૈયા,**
**ઠે. નગરપાલિકા શોપીંગ સેન્ટર, મુ. દામનગર, તા. લાઠી, જિ.અમરેલી. મો. ૯૬૨૪૭૦૯૯૮૭**
**અરજદારશ્રીના વિ.વ.શ્રી રીઝવાન આર. ચુડાસમા, ઠે. નગરપાલિકા શોપીંગ સેન્ટર દુ.નં. ૧૪, તા. લાઠી, જિ. અમરેલી**

:: વિરૂધ્ધ ::

**પ્રતિવિવાદી : જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ – ચીફ ઓફિસરશ્રી, મુ.દામનગર, તા. લાઠી, જિ.અમરેલી.**

**–: જાહેર નોટિસ :– (જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે. દામનગર ગામનાં રહીશ આ કામના અરજદારશ્રીનો **જન્મ તા. ૦૧/૦૬/૧૯૬૪ના રોજ દામનગર, તા. લાઠી, જિ. અમરેલી** મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મ નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મ નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા. ૨૯/૧૧/૨૦૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ–મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો, હરકત સરખું હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં **મુદત તા. ૦૮/૦૧/૨૦૨૬ના રોજ બપોરનાં ૩–૩૦ કલાકે** વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સિક્કો

**તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

## જાહેર નોટિસ

**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૧૬૬/૨૦૨૫ તા.૧૧/૧૧/૨૦૨૫

**અરજદારશ્રી :** ૧) કૈલાસબેન કનુભાઈ વાડદોરીયા, રહે.ચકકરગઢ રોડ, આનંદ નગર, બ્લોક ૮, એ–૧, ગજેરા સંકુલ, અમરેલ

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** તલાટી કમ મંત્રીશ્રી કરજાળા, તા. સાવરકુંડલા જિ. અમરેલી

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી **કૈલાસબેન કનુભાઈ વાડદોરીયા**નો **જન્મ તા. ૦૧/૦૬/૧૯૭૪ના રોજ મુ. કરજાળા, તા. સાવરકુંડલા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. અરજી અન્વયે સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૧૧/૧૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિક્કો

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

## કુલમુખત્યારનામુ રદ કરતી જાહેર નોટિસ

આથી અમો ઈકબાલ કાસમ નરપાલી રહે. રૂમ નં. ૧૩, બીજો માળ, નુરાની બિલ્ડીંગ, ૨૪૨/૨૪૪, બારા ઈમામ રોડ, ગોલ દેવલ ટેમ્પલ, નલ બજાર, મુંબઈ–૪૦૦૦૦૩ આથી લાગતા વળગતાને આ જાહેર નોટિસથી તાકીદ કરીએ છીએ.

મોજે. અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના જાફરાબાદ કસબામાં આવેલ તુર્કી મહોલ્લા, મસ્જિદ પાસે આવેલ મકાન જે નગરપાલિકા દફતરે ઘર નંબર–૮૬ વાળી મિલ્કત અંગે વહીવટ, કાર્યવાહી તેમજ અન્ય કામો માટે જનરલ ઓફ એર્ટની યાને કે કુલમુખત્યારનામુ (વેચાણ સિવાયના ફકત વહીવટ) તા. ૧૫/૦૧/૨૦૨૫ના રોજ સિરીયલ નંબર ૭૭થી એસ.બી. પ્રજાપતિ (એડવોકેટ એન્ડ નોટરી) વલસાડ નાઓએ રૂબરૂ નોંધણી કરાવી નુરમહમદ અબ્દુલ કરીમ બેલીમ રહે. જાફરાબાદ વાળાને પાવર ઓફ એર્ટની તરીકે વહીવટ કરવા આપેલ હતું. તે અમો આ જાહેર નોટિસથી કુલમુખત્યારનામુ રદ કરી પાવર ઓફ એર્ટની પરત ખેચીએ છીએ.

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા ઈસમોને સદરહું નોટિસ આપી જણાવવાનું કે, ઉપરોકત મિલ્કત અંગે મારી પરવાનગી વગર કોઈપણ ઈસમે, કોઈ પ્રકારના તબદીલીના લખાણો, કરજ, બોજો, ઈલાખો સ્થાપિત કરતા લખાણો તથા મિલ્કત અંગે કોઈ વહીવટ કે કાર્યવાહી કરવી નહીં. જો તે પ્રકારના વહીવટ કે કાર્યવાહી અસ્તિત્વમાં આવશે તો તેને રદબાતલ જાહેર કરાવવા અદાલતમાં ચેલેન્જ કરવાની અમારા અસીલને ફરજ પડશે. જેનો ખર્ચ અને પરિણામની સઘળી જવાબદારી જે તે જવાબદાર ઈસમના શિરે રહેશે. તેની નોંધ લેશો.

**તા.૦૮/૧૨/૨૦૨૫**

**લી.**
**ઈકબાલ કાસમ નરપાલી**

### રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયાએ

# અમરેલીનાં કમીગઢ મુકામે રૂા. ૨૩ લાખના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કર્યુ

## ખેડૂતોને ગત વર્ષે થયેલા કમોસમી વરસાદ બાદ રૂા. ૯૬ કરોડ સહાય ચુકવાઈ



અમરેલી, તા. ૯

રાજયના ઉર્જા, કાયદો અને ન્યાય, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજયમંત્રી અને અમરેલી-વડિયા-કુંકાવાવના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ રવિવારે અમરેલી તાલુકાના કમીગઢ મુકામે ગ્રામજનોની સુવિધા અને સુખાકારીમાં વધારો કરતા રોડ રસ્તા, ભૂગર્ભ ગટર, સ્નાન ઘાટ સહિતના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કર્યુ હતું.

આ પ્રસંગે ગ્રામજનોને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે, રાજય સરકાર દ્વારા ગ્રામજનોની સુખાકારી માટે વિવિધ વિસ્તારોમાં અનુદાન આપવામાં આવતું હોય છે. કમીગઢ ગામને આ કડીમાં વિશિષ્ટ ભેટ મળી છે. ગત ચોમાસા દરમિયાન કમીગઢ ના બે પરા વચ્ચેના પુલ પર ભરાયેલા પાણીને જોયા બાદ મુખ્યમંત્રીને આ અંગે રજૂઆત કરતા ગ્રામ્ય વિસ્તારમાં રૂા. ૩ કરોડ જેટલી માતબર રકમના પૂલને મંજૂરી આપવામાં આવી હતી.

તેમણે ઉમેર્યુ કે, રાજય સરકારના હૈયે ખેડૂતોને હિત વસેલું છે. ગત વર્ષે અમરેલીમાં આવેલા કમોસમી વરસાદ અને વંટોળ બાદ રાજય સરકારે અમરેલી વિધાનસભા વિસ્તારના ૫૦,૦૦૦ જેટલા ખેડૂતોને રૂા. ૯૬ કરોડ જેટલી સહાય ચૂકવી દીધી છે. આ વર્ષે ઓકટોબર માસમાં આવેલા કમોસમી વરસાદ બાદ ખેડૂતો માટે મોટું મન રાખી રાજય સરકારે ફક્ત પંચરોજ કામના આધારે રૂા.૧૦,૦૦૦ કરોડ જેટલી રકમ મુખ્યમંત્રીના દિશાનિર્દેશોમાં તાત્કાલિક ચૂકવવાની શરૂ કરી દીધી છે.

આ પ્રસંગે તેમણે અમરેલી શહેર ફરત રૂા. ૨૭૨ કરોડના ખર્ચે નિર્મિત થનારા રાધેશ્યામ-ચોકડી માચિયાળા નવા બાયપાસના કામને મંજૂરી આપવા બદલ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા પંચયાતના સભ્ય, શંભુભાઈ મહિડા, ગામના સરપંચ, સભ્યઓ અને, અતુલભાઈ કાનાણી ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલાની વિદ્યાર્થીની જિલ્લા કક્ષાનાં યુવા ઉત્સવમાં અગ્રેસર



સાવરકુંડલા, તા. ૯

અમરેલી જિલ્લા કક્ષાની યુવા ઉત્સવ ૨૦૨૫ અંતર્ગત સ્પર્ધા જેનું આયોજન જિલ્લા રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા યોજાયેલ. જેમાં શિક્ષણ સંસ્કાર અને ચારિત્ર્ય નિર્માણના ધામ આશ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ - સાવરકુંડલા ધોરણ ૮ માં અભ્યાસ કરતી કું. કાવ્યા પંકજભાઈ ચૌહાણની જિલ્લા કક્ષાના યુવા મહોત્સવમાં ચિત્રકલા સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવી ઝળહળતી સિધ્ધિ પ્રાપ્ત કરી છે.

તારીખ ૫મી ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ કે. કે. પારેખ અને મહેતા આર. પી. વિદ્યાલય અમરેલી ખાતે જિલ્લા કક્ષાના યુવા મહોત્સવનો આયોજન થયું હતું. જેમાં ચિત્રકલા સ્પર્ધામાં વિભાગ 'અ' માં કાવ્યા પંકજભાઈ ચૌહાણે પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે તે બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવે છે. આગામી સમયમાં ઉતરોત્તર પ્રગતિ કરો તેવી શુભકામનાઓ ગુરૂકુળ સંસ્થાનાં વડા શાસ્ત્રી ભગવત પ્રસાદ દાસજી સ્વામી અને પ્રમુખ શાસ્ત્રી હરિપ્રસાદ દાસજી સ્વામી તથા સંસ્થાનાં કોઠારી અક્ષર મુક્ત દાસજી સ્વામી સાથે ડાયરેકટર વ્યાસ, સ્વામિનારાયણ ગુરૂકુળ પ્રાથમિક વિદ્યાલયના આચાર્ય ગૌરાંગભાઈ મહેતા , ગુરૂકુળ શાળાના આચાર્યો હરેશભાઈ મહેતા, કમલેશભાઈ ચુડાસમા, દીપેશભાઈ પંડયા, વૈશાલીબેન પટેલ સાથે ગુરૂકુળ શાળાના રમત ગમતના કોચ દીપકભાઈ વાળા અને દિગ્વિજયસિંહ ઝાલા દ્વારા અભિનંદન પાઠવ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન રમત ગમત અધિકારીઓ વિક્રમસિંહ પરમાર D yado, બારૈયા APO, અશરફભાઈ કુરેશી અને શરદભાઈ અગ્રાવતની મહેનત સરાહનીય રહી હતી.

### રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ

# કુંકાવાવ ખાતે નવરચિત એપીએમસીની આકસ્મિક મુલાકાત લીધી

## ખેડૂતોને અગવડ ન પડે તે સુનિશ્ચિત કરવા અધિકારીઓને સૂચના આપી



અમરેલી, તા. ૯

રાજયના ઉર્જા, કાયદો અને ન્યાય, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજયમંત્રી અને અમરેલી-વડિયા-કુંકાવાવના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ રવિવારે પ્રવાસ દરમિયાન કુંકાવાવ ખાતે નવ રચિત APMCની આકસ્મિત મુલાકાત લીધી હતી. તેમણે ટેકાના ભાવે મગફળીની ખરીદીની પ્રક્રિયા વિશે ખેડૂતો સાથે સહજ સંવાદ કરી પ્રતિભાવ મેળવ્યા હતા.

કુંકાવવા ખાતે રાજયમંત્રીના પ્રયાસોથી બાદ નવરચિત APMC ના માધ્યમથી બે કેન્દ્રો પર ટેકાના ભાવે મગફળીની ખરીદી થઈ રહી છે. આ પ્રક્રિયામાં ખેડૂતોના યોગ્ય પ્રશ્નોનું તાત્કાલિક નિરાકરણ કરવા તેમજ કોઈપણ પ્રકારની અગવડ ન થાય તે સુનિશ્ચિત કરવા માટે APMC તેમજ અધિકારીઓને સૂચના આપી હતી.

આ પ્રસંગે તેમણે ટેકાના ભાવની મગફળીની ખરીદી પ્રક્રિયા દરમિયાન જાતે મગફળી ફોલી હતી અને ખેડૂતોના વિવિધ પ્રશ્નો સાંભળ્યા હતા. ખેડૂતો દ્વારા બારદાનના માપ સાઈઝ સહિતના પ્રશ્નોનું ખેડૂતોના પક્ષમાં નિરાકરણ લાવવા માટે ઘટતું કરવા માટે સૂચના આપી હતી. આ પ્રસંગે અતુલભાઈ કાનાણી, સ્થાનિક અગ્રણીઓ અને APMCના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

### જે કોઈ ઘરે જમવાનુ બનાવી શકતા નથી તેના માટે

# લીલીયામાં પાટીદાર સમાજ દ્વારા રામાણી છાત્રાલય ખાતે રાહત દરે ભોજન વ્યવસ્થા શરૂ

## દાતાઓએ ભરપુર આર્થિક સહયોગ શરૂ કર્યો



અમરેલી, તા. ૯

લીલીયા તાલુકા સમસ્ત પાટીદાર સમાજદ્વારા સેવાકીય પ્રવૃત્તિના ભાગરૂપે લેઉવા પટેલ સમાજના પ્રમુખ કાંતિભાઈ શિંગાળાના અધ્યક્ષ સ્થાને અજવાળીબેન વલ્લભભાઈ રામાણી છાત્રાલય ખાતે બપોર અને સાંજના સમયે ભોજનની વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે. આ વ્યવસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજના એવા લોકો માટે છે જેઓ કોઈ કારણસર ઘરે રસોઈ બનાવી શકતા નથી. આવા વ્યકિતઓ નજીવા ટોકન પદ્ધતિથી બંને ટાઈમ ભોજનનો લાભ લઈ શકશે. આ આયોજનના સુચારૂ સંચાલન અને માર્ગદર્શન માટે છાત્રાલય ખાતે પાટીદાર સમાજની એક બેઠક યોજવામાં આવી હતી.

જેમાં ભોજન વ્યવસ્થા કેવી રીતે ચલાવવી તે અંગે વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. ઉપસ્થિત લોકોએ દાનનો ધોધ વહાવ્યો હતો. આ કાર્યમાં લેઉવા પટેલ કેળવણી મંડળ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તથા કડવા પાટીદાર સમાજના આગેવાનો તરફથી સારો એવો સહકાર મળી રહ્યો છે આ તકે સમાજ શ્રેષ્ઠિઓ અરૂણભાઈ પટેલ, બાબુભાઈ ધામત, મગનભાઈ વિરાણી, ભુપતભાઈ ધામત, માવજીભાઈ લહેરી, ગોકળ ભાઈ હિરપરા, ડો વિનુભાઈ ધામત, દિલીપભાઈ શેખલીયા, ડો. કુંભાણી, ભરતભાઈ શેખલીયા સહિતના પાટીદાર સમાજના અગ્રણી આગેવાનો ઉપસ્થિત રહેલ.

# સાવરકુંડલા ખાતે ઠાકોર સેના દ્વારા સ્નેહ મિલન યોજાયુ



સાવરકુંડલા, તા. ૯

આજે સમગ્ર સૌરાષ્ટ્રમાં ઠાકોર સેનાના પ્રદેશ પ્રમુખ, યુવા આગેવાન અલ્પેશજી ઠાકોરના પ્રેરક માર્ગદર્શન હેઠળ એકસાથે ભવ્ય સ્નેહમિલન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. આ ઐતિહાસિક શ્રેણીના ભાગરૂપે સાવરકુંડલામાં પણ શહેર તથા ગ્રામ્ય વિસ્તારના ઘણા હોદ્દેદારો, આગેવાનો અને યુવા કાર્યકર્તાઓનું અભૂતપૂર્વ સ્નેહમિલન યોજાયું હતું.

આ સંમેલનમાં ઠાકોર સમાજને સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને રાજકીય ક્ષેત્રે અજોડ ઊંચાઈએપહોંચાડવા માટે નક્કર રોડમેપ-૨૦૨૫ રજૂ કરવામાં આવ્યો. ખાસ કરીને રાજકીય ક્ષેત્રે સમાજનો થતો ઉપયોગ બંધ કરવા તથા યુવાનોને સક્રિય રાજનીતિમાં મોટી જવાબદારી સંભાળવા પ્રેરણાત્મક હાકલ કરવામાં આવી.

આપણો સમાજ હવે કોઈનો વોટબેંક રહશે નહીં, પણ રાજયના નિર્ણયોનું કેન્દ્રબિંદુ બનશે! - આ ઉર્જાસભર સૂત્ર સાથે યુવા શક્તિને જાગૃત કરવામાં આવી.

કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે પધારેલા અમરેલી જિલ્લા ઉપપ્રમુખ પંકજભાઈ ઉનાવા, સાવરકુંડલા તાલુકા પ્રમુખ વિપુલભાઈ ઉનાવા, ઉપપ્રમુખોમાં લાલજીભાઈ ભુવા, દર્શનભાઈ મેકડા, ગોરધનભાઈ ખોડિયાણા સહિત ડઝનબંધ ગામો અને શહેરના પ્રતિષ્ઠિત આગેવાનોએ ઉત્સાહભેર હાજરી આપી હતી.આ સ્નેહમિલન એક સામાન્ય બેઠક નહીં, પરંતુ ચુવાળીયા ઠાકોર સમાજના નવા સવેરાનો પ્રારંભ બન્યો છે, એવો વિશ્વાસ સૌએ વ્યક્ત કર્યો હતો.

### ધારાસભ્ય જનક તળાવીયાની જહેમતથી

# બાબરા : મોટા દેવળીયા-ત્રંબોડા-ઘુઘરાળા માર્ગની મરામત માટે ૧૬.૫૦ કરોડ મંજુર થયા

## સમગ્ર પંથકના વાહનચાલકોમાં ખુશીનો માહોલ



બાબરા, તા.૯

લાઠી - બાબરા પંથકના ધારાસભ્ય જનક તળાવીયાના સઘન પ્રયાસોના ફળ સ્વરૂપે બાબરા તાલુકાના મોટા દેવળીયા,ત્રંબોડા અને ઘુઘરાળા ગામને જોડતા અગત્યના માર્ગને રીસર્ફેસિંગ કરવા માટે રાજય સરકાર દ્વારા રૂા.૧૬.૫૦ કરોડનો માતબર ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. આ મંજૂરીથી લાંબા સમયથી બિસ્માર હાલતમાં રહેલા આ માર્ગ પરના પ્રવાસીઓ અને સ્થાનિકોને મોટી રાહત મળશે.

મોટા દેવળીયા, ત્રંબોડા અને ઘુઘરાળા ગામ વચ્ચેનો આ રોડ આસપાસના અનેક ગામો માટે મુખ્ય પરિવહન માર્ગ તરીકે સેવા આપે છે. રોડની ખરાબ સ્થિતિને કારણે ગ્રામજનોને અવર જવરમાં ભારે મુશ્કેલી પડતી હતી. આ સમસ્યા ધારાસભ્ય જનક તળાવીયાના ધ્યાન પર આવતા,તેમણે તાત્કાલિક ધોરણે આ માર્ગને રીસર્ફેસિંગ કરવા માટે રાજય સરકારમાં રજૂઆત કરી હતી.ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની રજૂઆતને પગલે માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ રોડના કામ માટે રૂા.૧૬.૫૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ ગ્રાન્ટ દ્વારા રોડનું સંપૂર્ણપણે રીસર્ફેસિંગ કરવામાં આવશે, જેનાથી માર્ગની ગુણવત્તા સુધરશે અને વાહન વ્યવહાર સરળ બનશે.ધારાસભ્ય જનક તળાવીયાએ આ અંગે જણાવ્યું હતું કે, ' લાંબા સમયથી આ રોડની સ્થિતિ ચિંતાજનક હતી, જેના કારણે લોકોને હાલાકી ભોગવવી પડતી હતી. રાજય સરકારે આ રજૂઆતને ધ્યાને લઈ તાત્કાલિક આટલી મોટી રકમ મંજૂર કરી છે, તે બદલ હું મુખ્યમંત્રી અને માર્ગ - મકાન મંત્રીનો આભાર વ્યક્ત કરૂ છું. આ રોડનું કામ પૂર્ણ થવાથી મોટા દેવળીયા, ત્રંબોડા, ઘુઘરાળા અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના લોકોને ઘણો ફાયદો થશે અને તેમનો સમય તથા શ્રમ બચશે.'આ સમાચારથી સમગ્ર પંથકના ગ્રામજનોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. તેઓએ ધારાસભ્ય જનક તળાવીયાનો આભાર માન્યો હતો અને આ કામગીરી વહેલી તકે શરૂ થાય તેવી આશા વ્યક્ત કરી હતી.

# બાબરાનાં હોમાગાર્ડ મૌલિક તેરૈયાનું સન્માન કરાયુ



બાબરા, તા. ૯

બાબરામાં હોમગાર્ડ તરીકે વર્ષોથી ફરજ બજાવતા મેલિક તેરૈયાનું અમરેલી પોલીસ હેડ ક્વાર્ટર ખાતે જિલ્લા હોમગાર્ડ કમાન્ડર રોહિતભાઈ મહેતા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું હોમગાર્ડ જવાન મૌલિકભાઈ તેરૈયા જરોદ ખાતેની હોમગાર્ડ તાલીમમાં ઉત્તમ શ્રેષ્ઠ પ્રદર્શન બદલ પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# સાવરકુંડલા : તાલુકા કક્ષાનો વિજ્ઞાન મેળો તથા કલા ઉત્સવ યોજાયો



સાવરકુંડલા, તા. ૯

સાવરકુંડલા તાલુકા શિક્ષણ વિભાગ આયોજીત તાલુકા કક્ષાનાં વિજ્ઞાન- ગણિત પ્રદર્શનમાં કુલ- ૫૩ જેવી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. માર્ગદર્શક શિક્ષકો દ્વારા બાળકોને વિજ્ઞાનમેળા માટે સવિશેષ માર્ગદર્શન આપવામાં આવેલ.

સાવરકુંડલા શહેરમાં આવેલી કન્યાશાળા નં ૨ ના આચાર્યા ભારતીબેન રાઠોડ,તમામ શિક્ષકો તથા વિદ્યાર્થીઆના સહકારથી તાલુકા કક્ષાના વિજ્ઞાનમેળનું આયોજન કરવામાં આવેલ.

વિજ્ઞાન પ્રદર્શન ઉદ્‌ઘાટન કૌશીકભાઈ વેકરિયાના વરદ હસ્તે થયેલ, આ કાર્યક્રમમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, જીલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, જીલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, જીલ્લા શિક્ષણસમિતિ ચેરમેન ડેલિગેટ ભીખાભાઈ ધોરાજીયા, જીલ્લા શિક્ષણ અધિકારી એમ.બી. ગોહિલ, જીલ્લા પ્રાથમિક અધિકારી જી.એમ. સોલંકી, સાવરકુંડલા નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, શહેર ભાજપ પ્રમુખ અનિરૂધ્ધ સિંહ રાઠોડ, આ સાથે અમરેલી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાંથી રાજેશભાઈ મહેતા લાયજન અધિકારી ઉપરોક્ત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ હતા.

જીલ્લા શિક્ષણ અધિકારી ગોહિલે બાળકોને વૈજ્ઞાનિક માનસ કેળવવા સંદર્ભે પ્રારણાદાયી માર્ગદર્શન આપ્યું હતું.

જીલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયાએ તેમના ઉદબોધનમાં તમામ બાળ વૈજ્ઞાનિકોને તથા આયોજકોને બિરદાવ્યા હતા તેમજ બાળકોને કારકીર્દી સંદર્ભે ખુબજ સુંદર શૈલીમાં પ્રેરણા આપી હતી.

ધારાસભ્ય મહેશભાઈ કસવાલા માર્ગદર્શક શિક્ષકો તથા શિક્ષણ વિભાગની સમગ્ર ટીમને અભિનંદન પાઠવેલ હતા . વિદ્યાર્થીઓ સામે વિજ્ઞાન અને કલાના સંદર્ભે સુંદર સવાદ કરેલ હતો. સાથોસાથ સાવરકુંડલા તાલુકા કક્ષાનો કલા ઉત્સવનું પણ આયોજન હોય કુલ ૪૪ બાળકોએ ચિત્રકલા બાળકવિ સંગીત ગાયન અને સંગીત વાદન જેવી સ્પર્ધામાં પોતાની કલાના ૫ પ્રતિભાના દર્શન કરાવ્યા હતા.


કાર્યક્રમને સફળ બનાવવા માટે નિર્ણાયકોએ સુંદર સહયોગ આપ્યો તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર તથા પ્રાંત અધિકારીના માર્ગદર્શનતળે કાર્યક્રમની સફળ બનાવવા માટે ટીપીઈઓ જે. કે. સરવૈયા, બીઆરસી કોડીનેટર તુષારભાઈ જાની, તમામ સી.આર.સી. કોર્ડીનેટર, આઈડી કોડીનેટર, બીઆરસી સ્ટાફ, ટીપીઓ ઓફિસ સ્ટાફ, પ્રાથમિક શિક્ષક સંઘ, પ્રાથમિક શિક્ષક શરાફી મંડળીનો સહયોગ પ્રાપ્ત થયો હતો. પ્રાથમિક શિક્ષક શરાફી મંડળી દ્વારા બાળકોને પ્રોત્સાહક ઈનામો આપવામાં આવેલ.

# સાવરકુંડલાની કે.કે.હાઈસ્કૂલની વિદ્યાર્થીનીએ મેળવી અનેરી સિદ્ધિ



અમરેલી, તા.૯

વિદ્યાસભાસંકુલ,અમરેલી મુકામે જિલ્લા કક્ષાની ખેલમહાકુંભની એથ્લેટિકસ સ્પર્ધા યોજાઈ હતી, જેમાં અન્ડર-૧૭ વિભાગમાં આ શાળાના વિદ્યાર્થીની ક્રિનાબા પરમારે ૧૫૦૦ મીટર દોડમાં પ્રથમ ક્રમાંક મેળવી ઝળ હળતી સિદ્ધિ હાંસલ કરી શાળાને ગૌરવ અપાવ્યું છે.નંબર મેળવનાર ખેલાડીને માર્ગદર્શન અને કોચિંગ શાળાના વ્યાયામ શિક્ષક વિપુલભાઈ દવેએ આપ્યું હતું. વિજેતા ખેલાડી અને વ્યાયામ શિક્ષકને શાળાના પ્રિન્સિપાલ ચેતનભાઈ ગુજરીયાએ તથા નૂતન કેળવણી મંડળના પ્રમુખ ચંદ્રિકાબેન ઘેલાણી, ઉ.પ્રમુખ કનુભાઈ ગેડિયા, મેને.ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચા, સમગ્ર ટ્રસ્ટીગણ અને શાળા પરિવારે ખૂબ ખૂબ અભિનંદન સાથે રાજય કક્ષાએ પણ સિદ્ધિ હાંસલ કરવા શુભકામનાઓ પાઠવી છે.

૪૩મી વાર્ષિક પૂણ્યતિથીએ

**ભાવભીની શ્રધ્ધાંજલી**

**સ્વ. દડુભાઈ સુરગભાઈ વાળા**

સ્વ. તા. ૧૦/૧૨/૧૯૮૨, મું. વરસડા તા.જી અમરેલી

શું આપીએ પુષ્પાંજલી
પુષ્પો ઓછા પડે છે.બોલાવે છે.
ઈશ્વર ત્યારે... જ્યારે તેને
સારા માણસની જરૂર પડે છે.

આપ પ્રેરણામૂર્તિ અને પથદર્શક હતા.
આપે આપેલા સંસ્કાર, વારસો, કુટુંબ ભાવના નિઃસ્વાર્થ જીવનશૈલી, ધર્મ પ્રત્યેની અતુટ શ્રધ્ધા, અમને સદાય પ્રેરણારૂપ બની રહી છે. આપના પુણ્ય થકી આજે આપનો વાળા પરિવાર વટવૃક્ષ બનીને, શીતળતા અને સમૃધ્ધિના ફળ અને ગૌરવ પામ્યા.

પરમ પિતા પરમાત્મા આપના આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના સહ...

લી.

- ગભરૂભાઈ સુરગભાઈ વાળા
- ભગુભાઈ સુરગભાઈ વાળા
- મંગળુભાઈ સુરગભાઈ વાળા
- વનરાજભાઈ દડુભાઈ વાળા (પોલીસ ઈન્સપેકટર-SOGગાંધીનગર)
- ભુપતભાઈ દડુભાઈ વાળા
- જયદેવભાઈ મંગળુભાઈ વાળા (RTO-સબ ઈન્સપેકટર-સુરત)



## સાવરકુંડલા નગરપાલિકા - સાવરકુંડલા જિ.અમરેલી
## ઓનલાઈન જાહેર નિવિદા

આથી સાવરકુંડલા નગરપાલિકા, સાવરકુંડલા,જિ. અમરેલીને સ્વભંડોળ હેઠળ નીચે મુજબની વિગતે કામગીરી કરવા માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| કામનું નામ : જુદા-જુદા વિસ્તારમાં ડી.આઈ. તેમજ એમ.એસ. પાઈપ અને એલ.ઈ.ડી સ્ટ્રીટ લાઈટની કામગીરી | |
| અંદાજીત રકમ રૂા. ૨૮.૭૫ લાખ | કામની સમય મર્યાદા : ૩-માસ |
| ઈ.એમ.ડી. રૂા. ૨૯,૦૦૦/- | ટેન્ડર ફી : રૂા. ૧,૫૦૦/- |
| વેબસાઈટનું નામ : | www.tender.nprocure.com |
| ઓનલાઈન ટેન્ડર ડાઉનલોડ તથા જરૂરી ડોકયુમેન્ટ અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય ૧૯/૧૨/૨૦૨૫ના રોજ ૧૮:૦૦ કલાક સુધી | |
| ઓરીજનલ ટેન્ડર ફી, ઈ.એમ.ડી. અને ડોકયુમેન્ટ પહોંચતા કરવાની તારીખ, સમય તથા સરનામું ૨૦/૧૨/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાક સુધીમાં ચીફ ઓફિસર, સાવરકુંડલા નગરપાલિકા, મું. સાવરકુંડલા, જિ. અમરેલી | |
| ટેકનિકલ બિડ ખોલવાની તારીખ. ૨૦/૧૨/૨૦૨૫ના રોજ ૧૬ કલાકે | |
| પ્રાઈસ બિડ ખોલવાની તારીખ. ૨૦/૧૨/૨૦૨૫ના રોજ ૧૬:૩૦ કલાકે | |

કામ અંગે વધારે માહિતી તેમજ ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે ઉપરોક્ત જણાવેલ વેબસાઈટ ઉપર તા. ૧૦/૧૨/૨૦૨૫થી જોવા વિનંતી સદર કામ અંગેના તમામ હકક અધિકાર નગરપાલિકાને અબાધિત રહેશે.

ચીફ ઓફિસર
સાવરકુંડલા નગરપાલિકા

પ્રમુખ
સાવરકુંડલા નગરપાલિકા

દર મહિના ના બીજા બુધવારે
તારીખ : ૧૦/૧૨/૨૦૨૫
સમય : સવારે ૧૦ : ૦૦ થી ૧ : ૦૦
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
❖ પેટ- આંતરડા અને લીવરના નિષ્ણાંત હવે આપણી ગોળ હોસ્પિટલમાં..
❖ એન્ડોસ્કોપી અને કોલોનોસ્કોપી (દુરબીન વડે પેટની તપાસ) ની સુવિધા ઉપલબ્ધ
❖ પહેલી વાર બતાવવા આવો ત્યારે ભૂખ્યા પેટે આવવું
ડો.અવ્વલ સાદીકોટ
MD,DNB (Gastro)
ગોલ્ડ મેડાલીસ્ટ
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629, 81288 66553

આજનાં યુગમાં પણ મહિલા ઉપર અત્યાચારની ઘટના

# લીલીયા મોટા : પરિણીતા ઉપર પતિ સહિતનાં સાસરીયાઓએ ત્રાસ ગુજાર્યો

### પરિણીતાએ પોલીસ ફરિયાદ નોંધાવતા તપાસ શરૂ

અમરેલી, તા. ૯

મોટાલીલીયાનાંવતનીઅને હાલ મોટી કુંકાવાવ ગામે આવેલ ઘનશ્યામનગરમાં રહેતી સુમીતાબેન વિજયભાઈ બગડા નામના પરિણીતાના માતા આજથી દોઢેક વર્ષ પહેલા બીમાર પડેલ હોય જેથી પરિણીતાને તેમની માતાની ખબર કાઢવા જવું હોય. જેથી તેણીએ તેના લીલીયા ખાતે રહેતા પતિ વિજયભાઈ રામજીભાઈ બગડાને વાત કરતા આરોપી પતિએ ના પાડી પોતાની પત્નીને જેમફાવે તેમ ગાળો આપી લાકડી વતી માર મારતા પરિણીતાએ આ બનાવ અંગે તેણીના સાસુ આલુબેન રામજીભાઈ બગડાને કહેલ કે તમારો દીકરો માર મારે છે તેને સમજાવો. તો સાસુએ પણ કહેલ કે તને મારની જરૂર છે તેમ કહી વધુ માર ખવરાવેલ હતો. તેમજ ગઈ તા. ૨૫/૧૦/૨૫નાં રોજ પરિણીતાને તેણીનાં

અનુસંધાન પાના ૬ ઉપર

## અમરેલી : સિટી પોલીસે મોબાઈલ ચોરી કરનારને ઝડપી લીધો

અમરેલી, તા. ૯

અમરેલી સીટી પોલીસ સ્ટેશના પોલીસ ઈન્સપેકટર ડી.કે. વાઘેલાની રાહબરી હેઠળ અમરેલી સીટી પોલીસ સર્વેલન્સ ટીમ દ્વારા અમરેલી સીટી પોલીસ સ્ટેશનના બી.એન.એસ.ની કલમ ૩૦૩(૨) મુજબના ગુન્હાના કામે અમરેલી સીટી પોલીસ સર્વેલન્સ ટીમ દ્વારા ટેકનીકલ સોર્સ આધારે ગુન્હાનો ભેદ ઉકેલી ચોરી કરેલ મોબાઈલ ફોન સાથે અમરેલી બ્રાહ્મણ સોસાયટી રેલ્વે પાટા સામે રહેતાં વિજયભાઈ વિક્રમભાઈ માથાસુરીયા નામનાં ઈસમને પકડી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.



અવારનવાર ડો. જીવરાજ મહેતાની પ્રતિમાની ઘેરાબંધી થતી હોય છે

# અમરેલીના જાહેર ચોકમાં લાગેલા રાજકીય પક્ષના હોર્ડિંગને હટાવી લેવા પાલિકાએ કાર્યવાહી કરવી જરૂરી

### સરદાર સર્કલે પણ રાજકીય પાર્ટીના હોર્ડિંગ દુર કરવા જોઈએ



અમરેલી, તા. ૯

અમરેલી શહેરમાં જયા કોઈને હોર્ડીંગ લગાવવા હોય કે વાહનો પાર્ક કરવા હોય, માર્ગો ખોદવા હોય કે રેકડિઓ, કેબિનો લગાવવા હોય કોઈ પુછવાવાળુ જ નથી. શાસકો સત્તાના મદમાં એટલા મસ્ત છે કે શહેરમાં કયાં કેવી અંધાધુંધી, અરાજકતા ચાલી રહી છે તે જોત નથી અને સભ્ય નાગરિકો પણ વહીવટી તંત્રની નિસ્કીયતાથી કંટાળી ચુકયા છે.

અમરેલીનાં પનોતા પુત્ર અને રાજયના પ્રથમ મુખ્યમંત્રી ડો. જીવરાજ મહેતાની પ્રતિમાં શહેરના હાર્દસમાં ચોકમાં લગાવાયેલ છે. અવાર-નવાર રાજકીય પક્ષો, સંગઠનો કે વ્યકિતગત બેનરો પ્રતિમાને ફરતે લગાવી દઈને ડો. જીવરાજ મહેતાની પ્રતિમાને કેદ કરી લેવામાં આવે છે.

તદ્‌ઉપરાંત, સરદાર સર્કલે પણ રાજકીય પાર્ટીએ હોર્ડિંગ લગાવ્યા બાદ કાર્યક્રમ પુર્ણ થયા બાદ હજુ સુધી હોર્ડિંગ હટાવ્યા નથી. પાલિકાનું નિંભર તંત્ર જાહેર સ્થળો કે મહનુભાવોની પ્રતિમા ફરતે હોર્ડિંગ લગાવનાર સામે કોઈ કાર્યવાહી કરતું ન હોવાથી સૌ કોઈ હોર્ડિંગનું સામ્રાજય ખડકી રહયું છે.

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

લોટ, પાણી ને લાકડા જેવા કામ થતાં હોવાની ફરિયાદને લઈને

# લીલીયા મોટા ખાતે ચાલતી ભૂગર્ભ ગટર રીપેરીંગની કામગીરીનું જિલ્લા વિકાસ અધિકારીએ કર્યુ નિરીક્ષણ

### ઉચ્ચ અધિકારીને પણ કામમાં ચાલતી લોલમલોલ નજરે ચડી

લીલીયા મોટા, તા. ૯

લીલીયા મોટા ખાતે અગાઉ કરોડો રૂપિયાના ખર્ચે ભૂગર્ભ ગટરની કામગીરી કરવામાં આવેલ તે સંપૂર્ણ નિષ્ફળ નીવડી હતી જેના કારણે પાછલા એક દાયકા ઉપરાંતના સમયથી ગ્રામજનો મુશ્કેલી વેઠી રહ્યા છે. આ પ્રશ્ન ગ્રામજનોએ અનેકવાર ઉગ્ર આંદોલન કરી બેરી સરકારના કાને અવાજ પહોંચાડવા પ્રયાસો કરેલ અને વેપારી અગ્રણીએ હાઈકોર્ટમાં ભૂગર્ભ ગટર પ્રશ્ને પી.એલ.આઈ. દાખલ કરેલ તેને લઈ ફરી ભૂગર્ભ ગટરના રીનોવેશન કામગીરી માટે રૂપિયા ૧૧ કરોડની ગ્રાન્ટ સરકાર દ્વારા ફાળવવામાં આવતા ભૂગર્ભ ગટરનું રીપેરીંગ કામ શરૂ થતા ગ્રામજનો દ્વારા સરકારના ધારા ધોરણ પ્રમાણે કામગીરી કોન્ટ્રાકટર દ્વારા કરવામાં આવતી ન

અનુસંધાન પાના ૬ ઉપર



શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catering service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ સુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,16,300/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૯/૧૨/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

શિક્ષક/શિક્ષિકા જરૂર છે.
ધોરણ - ૫ અને ધોરણ - ૬ માં અભ્યાસ કરતા મીડિયમ ગુજરાતીના બાળકને ઘરે આવી ટયુશન કરાવી શકે, તેવા શિક્ષકભાઈ કે શિક્ષિકાબેન નીચેના સરનામે સંપર્ક કરશો.
સુખનાથ પરા - અમરેલી - મો. 98981 36077

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
- Franchise Development Manager - 1
Experience : 1-2 Years
- Sales & Marketing Officer - 2
Experience : 1-2 Years
- Night Billing Executive - 2
Experience : 1-2 Years
- Reporting Manager - 2
Experience : 1-2 Years
- Junior Accountant - 1
Experience : 1-2 Years
- Trainer – 1
Experience : 1-2 Years
Location :
Amreli
hrscpl1987@gmail.com
+91 95109 59957

સદગતનું બેસણું
સ્વ.શ્રી મણીબેન પીઠાભાઈ ચાવડા
સ્વ. તા.૦૯-૧૨-૨૦૨૫, મંગળવાર, ગામ : અમરેલી
અમારા પરમ પૂજય માતુશ્રી મણીબેન પીઠાભાઈ ચાવડા તા.૦૯-૧૨-૨૦૨૫ ને મંગળવારના રોજ સ્વર્ગવાસ પામેલ છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના
સદ્‌ગતનું બેસણું :- તારીખ : ૧૧-૧૨-૨૦૨૫ ને ગુરૂવાર, સમય : સાંજના ૪:૦૦ થી ૬:૦૦
સ્થળ : ડો.આંબેડકર સમાજવાડી, અંધશાળા સામે, ચિતલ રોડ, અમરેલી
લી.
સુબોધભાઈ પી. ચાવડા (પુત્ર)
પ્રકાશભાઈ પી.ચાવડા (પુત્ર)
રામજીભાઈ એ. સોલંકી (જમાઈ)
કાળુભાઈ આર. પરમાર (જમાઈ)
લક્ષ્મીબેન એસ.ચાવડા (પુત્રવધુ)
હેતલબેન પી.ચાવડા (પુત્રવધુ)
આશાબેન આર.સોલંકી (પુત્રી)
જયોતિબેન કે.પરમાર (પુત્રી)
મો. ૯૯૭૪૭ ૭૭૭૪૨
તથા ચાવડા પરિવાર

અમરેલી એક્સપ્રેસ
સચોટ - સટીક - સાતત્યસભર દૈનિક
અમરેલીની ધીંગીધરા પરથી સતત ૧૬ વર્ષથી પ્રસિધ્ધ થતાં જિલ્લાનાં સર્વાધિક લોકપ્રિય દૈનિક
આમ આદમીનું અખબાર
અમરેલી એક્સપ્રેસમાં
એજન્ટ તેમજ પત્રકારની નિમણુંક કરવાની હોય,
જિલ્લાનાં નાના-મોટા દરેક શહેરો અને ગામોમાંથી નિયમિત સ્થાનિક સમાચાર મોકલી શકે, વર્તમાનપત્રનું નિયમિત વેચાણ કરી શકે તેમજ જાહેરખબર પણ એકત્રીત કરી શકે તેવાં વ્યકિતઓની એજન્ટ તરીકે નિમણુંક કરવાની હોય, ઈચ્છુકોએ નીચે મુજબના સ્થળે રૂબરૂ અથવા મોબાઈલ ઉપર સંપર્ક કરવો
મળવાનો સમય
સવારે : ૧૧ : ૦૦ થી ૦૧ : ૦૦ સુધીમાં
મો. નં. ૯૪૨૮૭ ૦૮૩૩૪
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩
amreli express
www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)